Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તા-૨૧-૧૦-

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૪ મું. આત્મ સં. ૫૧ સંવત ૨૦૦૨.

અંક ૩ જો. આશ્વિન : ઑકટોબર

તા. ૧૦-૧૦-૧૯૪૬.

સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.

વાર્ષિક લવાજમ રૂ. ૧-૧૨-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

—: શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર :—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

467

## આ સભાના માનવંતા પેટ્રન સાહેબ—



શ્રીમાન્ શેઠશ્રી પુંજાભાઇ દીપચંદભાઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના નવા થએલા પેટ્રન સાહેબ—

# શ્રીમાન્ શેઠશ્રી પુંજાભાઇ દીપચંદભાઇનો

## જીવનપરિચય.

જૈનપુરી ગણાતું રાજનગર–અમદાવાદ એ ગુજરાતનું પાટનગર. જ્યાં જૈનોની અપૂર્વ જાહોજલાલી છે, જે ભૂમિમાં અનેક જૈન નરરત્નો ઉત્પન્ન થયા છે, મહાન્ વિદ્વાન આચાર્યો અને ધર્મગુરુઓનો ધર્મપ્રવાહ અસ્ખલિત વહે છે, જે વેપાર અને સમૃદ્ધિનું કેન્દ્ર સ્થાન છે તે રાજનગરમાં શ્રી દશાશ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જ્ઞાતિમાં શેઠશ્રી પુંજાભાઇનો જન્મ સંવત ૧૯૪૭નાં પોષ વદી ૯નાં રોજ શાહ દીપચંદ દેવચંદને ત્યાં થયો હતો.

તેઓનો કાપડનો વેપાર હતો જેમાં માત્ર પંદર વર્ષની લઘુ વયે શ્રી પુંજાભાઈ જોડાયા. બાલ્યાવસ્થાથી જ તેમનું બુદ્ધિબળ અપૂર્વ હતું. તેમણે પોતાનો કાપડનો વેપાર ખીલવ્યો અને હાલ તેઓશ્રી કાપડનો બહોળો વેપાર ચલાવે છે.

ધર્મશ્રદ્ધા અને પ્રમાણિકપણું તે તેમનો મુદ્રાલેખ હોવાને અંગે દેશવિદેશમાં તેમની ખ્યાતિ વધવા લાગી અને સમસ્ત ગુજરાત–કાઠિયાવાડમાં તેમનો બહોળો વેપાર વધ્યો.

શેઠશ્રી પુંજાભાઇ શ્રી પાંચકુવા કાપડ મહાજનના કાયમી પ્રમુખ છે અને તે સંસ્થાદ્વારા તેમની કુશાગ્ર બુદ્ધિ અનેક વેપારી પ્રશ્નોની છણાવટ કરે છે તેમજ વેપારીઓને સહાયરૂપ બને છે. તેઓશ્રી વર્તમાન પરિસ્થિતિમાં મહાજન મારફતે સામાન્ય પ્રજાની અનેકવિધ સેવાઓ બજાવી રહ્યા છે.

તેમનું ધાર્મિક જીવન શ્રદ્ધાળુ હોવાથી તેઓશ્રી શ્રીસમેતશિખરજી, કેસરીયાજી, સિદ્ધગિરિ આદિ તીર્થસ્થળોએ પવિત્ર યાત્રાઓ કરવા સાથે મહાન ગુરુમહારાજોનાં સમાગમમાં નિરંતર રહે છે. વ્રત, પચખ્ખાણ, નિયમાદિ નિયમિત રીતે કરે છે. શ્રીમંત અને લક્ષ્મીનંદન હોવા છતાં પણ તેઓશ્રી નિરભિમાન અને સરળહૃદયી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવદયા પ્રત્યે તેમની અપૂર્વ લાગણી છે. મૂંગા જાનવરો અને ખોડા ઢોરની સેવાને તેઓ પોતાનું પરમ કર્તવ્ય સમજે છે. તેઓશ્રી તન, મન અને ધનથી સેવા બજાવે છે અને શ્રી અમદાવાદ પાંજરાપોળના તેઓશ્રી પ્રમુખ છે.

પોતાની કોમની સેવા પ્રત્યે તેમનો તીવ્ર અનુરાગ છે તેમજ કેળવણી પ્રત્યે બહુમાન ધરાવે છે અને કેળવણી માટે અનેક સંસ્થાઓમાં બાળકોને સ્કૉલરશિપરૂપે મદદ આપી પોતાને મળેલ લક્ષ્મીનો સદુપયોગ કરે છે. તેઓશ્રી દશાશ્રીમાળી શ્રાવક મંડળના પ્રમુખ તરીકે પોતાની જ્ઞાતિની પણ સેવા બજાવે છે.

અમદાવાદમાં ચાલતી અનેક સંસ્થાઓ જેવી કે મહાવીર જૈન વિદ્યાલય, કન્યા છાત્રાલય વગેરેમાં તેઓશ્રી ઊંડો રસ લે છે. તેમનો ઉદાર અને માયાળુ સ્વભાવ, ધર્મ પ્રત્યેની અપૂર્વ શ્રદ્ધા, દેવગુરુભક્તિ નિમિત્તે પોતાને મળેલ લક્ષ્મીનો સદ્વ્યય તેમજ સેવા કરવાની તમન્ના આદિ ઉચ્ચ ગુણો તેમનાં જીવનમાંથી અનુકરણીય છે.

તેમનું જીવન ધાર્મિક અને સરળહૃદયી છે. તેઓ વિવિધ રીતે સુપાત્રે દાન દેવામાં મળેલી લક્ષ્મીનો સદુપયોગ કરે છે. ગરીબ બન્ધુઓ પ્રત્યે તેમનું હૃદય હંમેશા દ્રવે છે અને યથાશક્તિ તેમને આર્થિક મદદ પણ કરે છે.

તેઓશ્રી આ સભામાં પેટ્રન તરીકે જોડાતા સભા પોતાનું સદ્‌ભાગ્ય સમજે છે, અને તેઓશ્રી જૈનસમાજની હજુ પણ વધારે સેવા બજાવી પોતાની સુવાસ ફેલાવે તેવું સભા અંતઃકરણપૂર્વક ઇચ્છે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૨. | આશ્વિન. | પુસ્તક ૪૪ મું. |
| વિક્રમ સં. ૨૦૦૨. | :: ઇ. સ. ૧૯૪૬ ઑક્ટોબર :: | અંક ૩ જો. |

## શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

( શ્રી કહું કથની મારી રાજ—એ રાગ )

વીર પ્રભુ હવે તારો, નાથ! **વીર પ્રભુ હવે તારો**—ટેક
ભ્રમિતપણે ભટકયો ભવવનમાં, પામ્યો દુઃખ હજારો;
સુખ દુઃખની સઘળી ઘટના, તું પ્રભુ! જાનનહારો-નાથ૦ ૧

દુર્ગુણથી આ પિંડ ભર્યો છે, ગુણગણ આપ વધારો;
કામ ક્રોધ મદ લોભ હઠાવી, વિષયવિકાર નિવારો-નાથ૦ ૨

પરનિંદામાં પ્રીતિ લગાવી, સમજ્યો ન સારા વિચારો;
ગુણીજનના ગુણ નવ લીધા, દીધાં આળ હજારો.-નાથ૦ ૩

નિજ સ્વારથે તન ધન ખરચ્યાં, પરમાર્થે નવ પ્યારો;
દુઃખી જનો સામું ન જોયું, દીધાં કષ્ટ અપારો-નાથ૦ ૪

કપટ ક્રિયાથી જનવંચન કીધું, કર્યા મૂઢ વિચારો;
કામવાસના લાગી પ્યારી, હાર્યો મનુષ્ય જન્મારો-નાથ૦ ૫

વીર પ્રભુની વાણી પ્રતાપે, તરશે ભવ્ય હજારો;
પ્રભુમય જીવન આ બનતા, મળશે મુક્તિ કિનારો-નાથ૦ ૬

સંવત બે હજાર બેની સાલે, કાર્તિક સુદી ભોમવારો;
**લક્ષ્મીસાગર** ભાવથી વંદે, **અજિત** સુખનિધિ તારો-નાથ૦ ૭

રચયિતા—**મુનિ મહારાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મરતાં શીખો

લેખકઃ—આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

સંસારમાં પુરુષોની બહોંતેર કળા અને સ્ત્રીઓની ચોસઠ કળા સંભળાય છે. ભૂતકાળમાં એક યુગ એવો હતો કે સ્ત્રી-પુરુષો આ કળાઓને શીખતા. યુગપરિવર્તન થતાં અન્ય કળાઓનો આવિષ્કાર થયો. એટલે પૂર્વની કળાઓ ભૂલાઈ ગઇ. અત્યારે કાળને અનુસરીને નવીન કળાઓ શીખાય છે. જો કે અત્યારે શીખવામાં આવતી કળાઓ સર્વથા નવી નથી; પૂર્વની જ કેટલીક કળાઓનો સુધારોવધારો કરીને તેને સંસ્કારવાળી બનાવવામાં આવી છે. આ પ્રમાણે પૂર્વની કળાઓમાં અને વર્તમાન કાળની કળાઓમાં કયાંય પણ મરવાની કળાનું નામ સંભળાતું નથી, અને વ્યવહારિક કળાવાળાઓએ મરવાને કળા તરીકે માન્યું પણ નથી, તેથી તેને શીખવાનું કોઈપણ જાણતું નથી; પરંતુ અંતર્જગતમાં વિચરનાર મહાપુરુષોનાં વાણી તથા વર્તનનું સૂક્ષ્મદૃષ્ટિથી અવલોકન કરીએ તો સમજાય છે કે તેમણે મરણની કળાને પ્રાધાન્ય આપ્યું છે, બધીયે કળાઓમાં મરણની કળાને જ સર્વોત્કૃષ્ટ માનીને તેનો સાચી રીતે અભ્યાસ કર્યો છે અને શાશ્વત જીવન મેળવ્યું છે. જ્યાં સુધી મરણની કળા ન આવડે ત્યાં સુધી કોઇ પણ અમર બની શકતું નથી, એમ સિદ્ધ કરી બતાવ્યું છે. સંસારમાં કોઇ પણ માનવીને પૂછવામાં આવે કે તમને મરતાં આવડે છે? તો તેને ઘણી જ નવાઇ લાગશે; કારણ કે કોઇને મરવું ગમતું નથી. મૃત્યુનું નામ સાંભળતાં જ બધાયને ઉદ્વેગ થાય છે તો પછી મરતાં શીખવાનું કયાંથી રહ્યું? માનવી માત્ર જાણે છે કે કુદરતના નિયમ પ્રમાણે મરણ સ્વાભાવિક છે, મોત આવે છે ત્યારે કોઇ પણ નિમિત્તથી બધાયને મરવું પડે છે એમાં શીખવા જેવું કશુંય નથી. કંગાળ હો કે શ્રીમંત હો, રાજા હો કે રંક હો, પંડિત હો કે મૂર્ખ હો, જ્ઞાની હો કે અજ્ઞાની હો બધાય એક સરખી રીતે જ મરે છે અર્થાત્ બધાય દેહ છોડીને ચાલતા થાય છે, તે સિવાય તો મરતા શીખેલાની મરવાની કાંઇ જુદી રીત હોતી નથી. વાત સાચી છે, શરીર છોડવાનું નામ મરણ છે અને તે સંસારી પ્રાણીમાત્રના માટે સરખું છે. શરીર છોડવાની દૃષ્ટિથી તો કોઈપણ પ્રકારનો ભેદ નથી છતાં શરીર છોડનાર આત્માની અપેક્ષાથી તો ઘણું જ અંતર છે; માટે જ મૃત્યુમાં ભેદ રહેલો છે. માનવીઓમાં એક જ્ઞાની અને બીજા અજ્ઞાની એમ બે પ્રકાર હોય છે. જ્ઞાનીઓ સંસારના નિયમોના અભ્યાસી હોવાથી કોઇ પણ પ્રસંગે કર્મના કાવત્રામાં ફસાતા નથી, જ્ઞાની પુરુષોની દરેક પ્રવૃત્તિમાં કર્મ ફાવી શકતું નથી. આ પ્રમાણે જ્ઞાની પુરુષોનો જીવનપ્રવાહ આત્મવિકાસની દિશામાં વહેતો હોય છે ત્યારે અજ્ઞાનીઓની વૃત્તિ તથા પ્રવૃત્તિનું વહેણ વિલાસની દિશામાં વળેલું હોય છે એટલે જીવન-મરણ આદિ પ્રવૃત્તિમાં જ્ઞાની તથા અજ્ઞાનીનો બાહ્યથી તો કાંઇ પણ ફેર જણાતો નથી. છતાં તાત્વિક દૃષ્ટિથી જોઇએ છીએ તો બંનેમાં પરિણામમાં ભિન્નતા જ અનુભવાય છે.

માનવ જાતિ જીવનમાં સુખે જીવવા અનેક પ્રકારનો અભ્યાસ કરે છે, અને તે માટે અનેક પ્રકારની શિક્ષણ સંસ્થાઓ પણ હોય છે, પરંતુ જેવી રીતે સુખે જીવવા માનવી કળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા વિજ્ઞાનનો અભ્યાસ કરે છે તેવી રીતે સુખે મરવા અભ્યાસ કરનાર સંસારમાં કોઇ વિરલા જ દૃષ્ટિગોચર થાય છે. ન મરવા અને જીવનમાંથી દુઃખોનો ઉપદ્રવ ટાળવાને માટે તો જ્ઞાની તથા અજ્ઞાની બંને પ્રયાસવાળા હોય છે છતાં અજ્ઞાનીઓનું જીવનમાંથી ઉપદ્રવ ટાળવાનું શિક્ષણ તથા ન મરવા કરવામાં આવતો પ્રયાસ જ્ઞાનીઓ કરતાં ભિન્ન પ્રકારનો હોય છે કારણ કે અજ્ઞાનીઓના શિક્ષણ તથા પ્રયાસથી દુઃખનો ઉપદ્રવ દૂર થવાને બદલે વધારે પુષ્ટ થાય છે અને મૃત્યુઓની સંખ્યા પણ વધે છે ત્યારે જ્ઞાનીઓ સાચી રીતે સુખમય જીવન બનાવી શકે છે. તે ઉપરાંત મરતાં પણ સાચી રીતે શીખેલા હોવાથી સુખે મરે છે અને મૃત્યુ ઉપર વિજય મેળવી અમર બને છે; માટે જ્ઞાની પુરુષો સિવાય સંસારમાં કોઇને પણ મરતાં આવડતું નથી, જેથી કરી મૃત્યુના દાસત્વમાંથી જડાસક્ત જગત મુક્ત થઇ શકતું નથી.

મરણ એટલે આત્મા અને જડાત્મક સંસારનો સંબંધ જોડનાર શરીરનો ત્યાગ. સંસારમાં પૌદ્ગલિક સુખના જડાત્મક સાધનો તથા દેહધારી આત્માઓના અનેક પ્રકારના સગપણો શરીરની સાથે થાય છે. તે શરીરનો ત્યાગ કર્યા પછી જીવને કોઇ પણ પ્રકારનું સગપણ તથા જડાત્મક સંપત્તિનું સ્વામીપણું રહેતું નથી. પણ પાછું નવીન શરીર ધારણ કરે છે. જન્મ લે છે ત્યારે નવીન સગપણ અને ભિન્ન પ્રકારની સંપત્તિનું સ્વામીપણું પ્રાપ્ત થાય છે; માટે જ માનવીને બહારની બધી યે વસ્તુ છોડવી ગમે છે પણ શરીર છોડવું ગમતું નથી છતાં છેવટે બાહ્ય ધન સંપત્તિની જેમ શરીર પણ છોડવું જ પડે છે. આવી રીતે જીવ માત્રને સગપણ તથા જડાત્મક સંપત્તિનું સ્વામીપણું વાસ્તવિક નથી તો યે તેની મમતા છૂટતી નથી. જ્ઞાની પુરુષો વસ્તુને સાચી રીતે સમજેલા હોવાથી તેમને જડસ્વરૂપ દેહ તથા ધન સંપત્તિ ઉપર મમતા હોતી નથી જેથી કરીને તેઓ સુખ-શાંતિપૂર્વક શરીરનો ત્યાગ કરનારા હોય છે એટલે દેહ ત્યાગરૂપ મરણમાં અજ્ઞાનીઓથી જુદા પાડી શકતા નથી, છતાં ભેદ જ્ઞાનના અભ્યાસી તથા અનુભવી હોવાથી દેહ ઉપર મમતાના અભાવને લઇને અજ્ઞાનીઓની જેમ દેહત્યાગથી થતાં દુઃખની અસર તેમને થતી નથી.

જ્ઞાનીઓ પોતાના જીવનકાળમાં આત્મ-તથા અનાત્મ જગતના ભેદનો સારી રીતે અભ્યાસ કરે છે. અથાત્ જડ અને જીવ ભિન્ન છે એમ બોલવા પૂરતું જ નહી પણ સ્પર્શ બોધથી સાચી રીતે અનુભવ કરીને શ્રદ્ધાપૂર્વક આત્મ-સ્વરૂપના વિકાસી હોવાથી જડાત્મક વસ્તુઓના સંયોગ-વિયોગથી અજ્ઞાનીઓને અસર કરતા હર્ષ-શોકથી મુકાયલા હોય છે. જેને દેહના વિયોગથી દુઃખ થતું નથી તેને દેહની સાથે જ સંબંધ ધરાવનારા ધન-સંપત્તિ આદિના વિયોગથી દુઃખ થાય જ શાનું ?

મરણની વ્યાપક વ્યાખ્યા તો પૌદ્ગલિક વસ્તુ માત્રથી મુકાઈ જવું થાય છે કે જે મરણ પછી જન્મ જેવું કશું ય હોતું નથી. જ્યાં સુધી જન્મ થયા કરે છે ત્યાં સુધી મરણના કારણરૂપ જડ( આયુષ્યકર્મ )નો સર્વથા ત્યાગ થતો નથી. જેમનું મરણ જન્મનું કારણ બને છે તે મરતાં ન શીખેલા આત્માઓનું મરણ કહેવાય છે અર્થાત્ અજ્ઞાની જીવોનું બાળ મરણ અશિક્ષિત મરણ તરીકે ઓળખાય છે. જેઓ મરવાનો સારી રીતે અભ્યાસ કરે છે તેમના માટે પુનર્જન્મ હોતો નથી. કદાચ જોઇતી સાધન-સામગ્રીના અભાવે અભ્યાસની અપરિપકવ દશામાં મરણ થઇ જાય તો અભ્યાસીઓને પણ પુનર્જન્મ ધારણ કરવો પડે છે, છતાં તેમના જન્મ મરણની સંખ્યા વધુ થતી નથી. બે-ત્રણ કે પાંચ-સાત જન્મમાં પોતે મૃત્યુ ઉપર વિજય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળવી શકે છે. પછી તેમના માટે જન્મ મરણ હોતાં નથી. એટલે તેઓ સદાસર્વદા મુક્ત જ હોય છે. જ્યાં સુધી જે જીવને જડાત્મક દેહના વિયોગથી અત્યંત દુઃખ થાય છે અને તેના નિત્ય સંયોગની ઇચ્છા રહ્યા કરે છે ત્યાં સુધી દેહાધ્યાસને લઇને તેનો સર્વથા વિયોગ થતો નથી, અને વારંવાર દેહને ધારણ કરવો પડે છે કે જેને જન્મ કહેવામાં આવે છે. જન્મ થવાથી મરણ પણ અવશ્ય થાય જ છે એટલે આત્મા મરણથી મુક્તિ મેળવી શકતો નથી. આ પ્રમાણે દેહાધ્યાસી આયુષ્ય કર્મ (જન્મનું કારણ) ઉપાર્જન કરે છે કે જેને લઇને પાછો જન્મે છે. જન્મ્યા પછી આયુષ્ય કર્મ ભોગવવા-સ્વરૂપ જીવનમાં જડાસક્તિને લઇને અનેક પ્રકારના કર્મ ઉપાર્જન કરે છે જેથી કરી તેના આત્માની શક્તિઓ ઢંકાઇ જાય છે એટલે તેનો આત્મા નિર્બળ બની જાય છે. અજ્ઞાનીઓની આવી જ સ્થિતિ હોય છે; કારણ કે તેમને શરીર ઉપર અત્યંત મમતા હોય છે એટલે તેને પુષ્ટ બનાવવા વિવિધ પ્રકારના આહાર તથા ઔષધિનો ઉપયોગ કરે છે, અનેક જીવના વિનાશથી ઉત્પન્ન થયેલી અભક્ષ્ય વસ્તુઓનો શરીરનો નિરંતર સંયોગ જાળવી રાખવાને નિઃસંકોચ અને નિર્ઘૃણપણે ઉપયોગ કરે છે, દેહના વિયોગની આશંકાથી તપ-જપ-સંયમ આદિનો આદર કરતા નથી. વિષયપોષક સાધન મળ્યાં હોય તો ઇંદ્રિયોના વિષયોને પોષવામાં ત્રૂટી આવવા દેતા નથી. કર્મજન્ય વ્યાધિથી ઘણા જ ગભરાય છે કારણ કે તેમને શરીરના વિયોગનો મોટો ભય હોય છે. ધર્મના ભોગે શરીર રાખવા તનતોડ પ્રયત્ન કરે છે. ડૉક્ટરો તથા વૈદોની પાસેથી દીનમુખે જીવનની ભીખ માંગે છે છતાં જ્યારે વૈદ્યો શરીર છૂટી જવાનો નિર્ણય બતાવે છે ત્યારે દેહ છોડવાની વૃત્તિ ન હોવા છતાં પણ અત્યંત દુઃખ મનાવી બેભાન બની જાય છે. પ્રભુનું નામ પણ સાંભરતું નથી, કોઇ સંભળાવે તો અત્યંત તિરસ્કાર-પૂર્વક અવગણના કરે છે, મોહના દબાણથી અત્યંત જડાસક્ત થયેલા હોવાથી દેહના વિનાશથી પોતાનો સર્વનાશ સમજે છે. જ્યાં સુધી દેહમાં પ્રાણ હોય છે અને શુદ્ધિમાં હોય છે ત્યાં સુધી જીવવાને માટે બીજાએ બતાવેલા સઘળા ઉપાયો કરે છે. આવી રીતે બિનઆવડતવાળા અજ્ઞાનીઓ મરે છે કે જેને બાળમરણ કહેવામાં આવે છે. ઉપર બતાવ્યા પ્રમાણે દેહ છોડવામાં તો જ્ઞાની તથા અજ્ઞાની સરખા જણાય છે; પરંતુ તાત્વિક દૃષ્ટિથી તો મોટો ભેદ છે.

જ્ઞાની પુરુષો સમ્યગ્ જ્ઞાનદ્વારા વસ્તુતત્વને સાચી રીતે જાણે છે, માને છે અને શ્રદ્ધે છે એટલે જીવ તથા જડના વિયોગની અસર તેમને ન થવાથી અજ્ઞાનીની જેમ દુઃખ થતું નથી, શરીર છોડતી વખતે ત્રાસ કે ભય હોતો નથી; કારણ કે જ્ઞાનીઓએ પોતાના જીવનકાળમાં બહુ જ કાળજીપૂર્વક મરવાનો અભ્યાસ કરેલો હોય છે. સર્વજ્ઞોના વચનો ઉપર સંપૂર્ણ શ્રદ્ધા હોવાથી જીવ તથા જડનો ભેદ સાચી રીતે સમજેલા હોય છે. સાકરમાં મીઠાશની જેમ જીવન જીવનો સ્વભાવ જ છે એટલે જીવને જીવવાને ક્ષણવિનશ્વરરૂપ રસાદિ જડના ધર્મોની જરૂરત નથી; કારણ કે ક્ષણવિનશ્વર વસ્તુ શાશ્વત ધર્મની પોષક બની શકતી નથી. અર્થાત્ જડ ધર્મ ચૈતન્યને ઢાંકી દે છે પણ તેનો વિકાસ કરી શકે નહીં. આયુષ્ય કર્મના ઉદય સ્વરૂપ કૃત્રિમ જડ જીવન આત્મસ્વરૂપ સાચા જીવનને પોષવાને અસમર્થ હોય છે તો પછી કૃત્રિમ જીવનમાં વપરાતી જડ વસ્તુઓ શાશ્વત જીવનનો વિકાસ કેવી રીતે કરી શકે ? મીઠું સાકરની મીઠાશ વધારી શકતું હોય અથવા તો મીઠાથી સાકરની મીઠાશ ટકી શકતી હોય તો જ જડ વસ્તુઓ જીવના શાશ્વત જીવનને વધારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે અથવા તો ટકાવી રાખે; પણ મીઠાથી તો સાકરની મીઠાશ વધવાને બદલે ઢંકાઇ જાય છે અને વિચિત્ર સ્વાદવાળી થાય છે; પરંતુ વધી શકતી નથી તેમજ ટકી શકતી પણ નથી, કારણ કે સાકરની મીઠાશ સ્વરૂપથી જ સાકરમાં શાશ્વતી છે. તેવી જ રીતે જીવન પણ જીવમાં સ્વરૂપથી શાશ્વતું છે. આવું સમ્યગ્ જ્ઞાન જ્ઞાનીઓને હોવાથી તેમની દેહાદિ જડ વસ્તુઓ ઉપર આસક્તિ હોતી નથી. તેમજ તેમને આયુષ્ય ભોગવવારૂપ બનાવટી જીવન ઉપર પણ મમતા હોતી નથી. તેઓ માને છે કે અજ્ઞાનતાથી બાંધેલાં કર્મ ભોગવવાને અથવા તો તેનો ક્ષય કરવાને માટે જ આત્માની સાથે દેહનો સંબંધ થાય છે. જ્યાં સુધી સર્વ કર્મ ક્ષય ન થાય ત્યાં સુધી અનેક દેહના સંયોગ-વિયોગ થવાના જ કે જેને જગત જન્મ-મરણના નામથી ઓળખે છે. જ્ઞાનીઓ દેહને શુભાશુભ કર્મ ભોગવવાનું અને ક્ષય કરવાનું સાધન માનતા હોવાથી તેના વિયોગરૂપ મરણમાં દુઃખ મનાવતા નથી. અને આત્મધર્મની દૃષ્ટિએ વિધર્મી હોવાથી તેના ઉપર મમતા પણ કરતા નથી. એટલા માટે જ જ્ઞાનીઓમાં સમભાવ ઉચ્ચ કોટીનો હોય છે.

દેહમાં પુન્ય તથા પાપસ્વરૂપ શુભાશુભ કર્મ ભોગવાય છે એટલે અજ્ઞાનીઓ કેવળ પુન્ય કર્મ ભોગવવાને જ દેહ છોડવો પસંદ કરતા નથી પણ પુષ્કળ પાપકર્મ દેહમાં ભોગવવાનો વખત આવે છે ત્યારે વિષપાન આદિ અનેક ઉપચાર કરીને દેહનો ત્યાગ કરે છે; છતાં પાપકર્મથી મૂકાતા નથી. બીજું શરીર ધારણ કરીને પણ તેમને પાપકર્મ ભોગવવું પડે છે. જ્ઞાની પુરુષોને ધારણ કરેલા દેહમાં ગમે તેવાં કર્મ ભોગવવાં પડે અથવા તો દેહ છૂટી જાય કે ન છૂટે તો પણ પોતે સમભાવમાં જ રહે છે. અર્થાત્ જીવવા-મરવાની ઇચ્છા રહિત હોય છે. એક વખતના શરીર ધારણ કરવામાં બધા ય કર્મનો ક્ષય થતો નથી અથવા તો બધા ય કર્મ ક્ષય થતાં સુધી એક જ દેહનો સંબંધ કાયમ બન્યો રહેતો નથી; કારણ કે દેહ તો જીવ સાથે સંબંધ જાળવી રાખનાર આયુષ્ય કર્મ છે અને દેહને ઘડનાર નામકર્મ છે. બંનેના કાર્ય જુદાં છે. એટલે દેહ ઘડનાર નામકર્મ જીવ સાથે દેહ સંબંધ જાળવી રાખે નહીં, જો નામકર્મ સંબંધ જાળવી શકતું હોત તો ઘણા કાળ સુધી આત્માની સાથે દેહનો સંબંધ બન્યો રહેત. પણ આયુષ્ય કર્મ સંબંધ જાળવે છે માટે તે પોતાની અલ્પ સ્થિતિ હોવાથી ઘણા કાળ સુધી દેહના સંબંધને ટકાવી શકતું નથી. જીવને ઘણા શરીરો ધારણ કરવાનું કારણ ભવસ્થિતિની અપરિપક્વ દશા અથવા તો અનાદિકાળથી અનેક શરીરદ્વારા બાંધેલાં કર્મ ક્ષય કરવાને અનેક શરીરોની જરૂરત પડે છે. અનંતા શરીરમાં બાંધેલાં કર્મ પરિમિત શરીરમાં જે ક્ષય કરે છે તેનું ખાસ કારણ તો ભવસ્થિતિની પરિપક્વ દશા હોય છે. જ્ઞાની પુરુષો દેહને કર્મ બાંધવાનું નહીં પણ કર્મ ક્ષય કરવાનું સાધન માનતા હોવાથી નવાં કર્મ ન બંધાય એટલા માટે કર્મ બાંધવાના કારણ પૌદ્‌ગલિક સુખોથી વિરામ પામેલા હોય છે. જેમ બને તેમ પૌદ્‌ગલિક વસ્તુઓનો ત્યાગ કરે છે-તે ત્યાં સુધી કે આહાર આદિનો પણ ઘણા કાળ સુધી ઉપયોગ કરતા નથી. ઇંદ્રિયોના વિષયોથી તો સદા સર્વદા વિરક્ત જ હોય છે. કર્મ ક્ષયના હેતુથી જ દેહને ટકાવી રાખવા પૂરતો આહાર લે છે અને તે પણ અત્યંત જરૂરત જણાય ત્યારે જ. જડાત્મક કોઈ પણ પ્રકારની ક્ષણિક વસ્તુની ઇચ્છા રહિત હોવાથી કષાયોનો સર્વથા ઉપયોગ કરતા નથી. આત્મા અનંત શક્તિમાન છે એવી સાચી શ્રદ્ધા હોવાથી મહિનાઓ સુધી નિરાહાર રહેવા છતાં પણ અંતરાત્મ દશા પ્રાપ્ત થવાથી નિર્બળ બનતા નથી તેમજ તેમને આહાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છોડવાનું દુઃખ પણ થતું નથી. કૃત્રિમ જીવન-પોષક આહારના ત્યાગથી તેમનું શરીર કૃશ થઈ જાય છે અને અશક્તિ વધી જાય છે છતાં આત્મિક શક્તિનાં વિકાસી હોવાથી પરિમિત ભવમાં સર્વ કર્મ ક્ષય કરીને આત્મશક્તિનો સંપૂર્ણ વિકાસ કરે છે. પછી તેમને શરીર ધારણ કરવારૂપ જન્મ કે તેને ત્યાગવારૂપ મરણ જેવું કાંઇપણ હોતું નથી.

ઉપર કહ્યા પ્રમાણે અજ્ઞાનીઓની જ્ઞાનીઓથી સર્વથા જુદી જ દિશા હોય છે. જ્ઞાનીઓની અંતરાત્મ દશા હોય છે એટલે તેઓ જીવ તથા જડના ભેદના જ્ઞાનના સાચા અભ્યાસી હોય છે. જેને લઇને જડજગતથી નિરંતર વિમુખ જ રહે છે. જડાત્મક વસ્તુઓનો સંયોગ-વિયોગ તથા ક્ષણિક પરિવર્તનની તેમને અસર થતી નથી અર્થાત્ સંકલ્પ-વિકલ્પ, હર્ષ-શોક, ગ્લાનિ આદિ વિકૃતિઓથી મુક્ત હોય છે અને સમભાવસ્વરૂપ આત્મગુણમાં જ રક્ત રહે છે. ત્યારે અજ્ઞાનીઓ બહિરાત્મ દશાથી લિપ્ત હોવાથી પોતાનું સાચું સ્વરૂપ ભૂલી જાય છે અને દેહને જ સ્વસ્વરૂપ સમજતા હોવાથી દેહના વિયોગસ્વરૂપ મરણના સંકલ્પ માત્રથી અત્યંત દુઃખી થાય છે. જડાત્મક વસ્તુઓ ઉપર અત્યંત મમતા હોવાથી તેમને પોતાના જીવન-કાળમાં જડ વસ્તુઓના સંયોગ-વિયોગથી જડાસક્ત જીવોએ કલ્પેલાં સુખ-દુઃખ અત્યંત થાય છે. જડ વસ્તુઓમાં ઓતપ્રોત થઇ ગયેલા હોવાથી રાગ દ્વેષના પરિણામની એક ક્ષણ પણ મંદતા હોતી નથી. એટલે તેમને હર્ષ-શોક, ભય, પ્રીતિ, ગ્લાનિ આદિ વિકારો પ્રત્યેક ક્ષણે સતાવ્યા કરે છે. ધનસંપત્તિ આદિ જડ વસ્તુઓ મેળવવા અને મેળવેલાનું રક્ષણ કરવા નિરંતર ક્લિષ્ટ ચિત્તવાળા રહે છે, હીનભાગ્ય થતા તેનો વિયોગ થાય તો પ્રાણાંત કષ્ટનો અનુભવ કરે છે. ધનસંપત્તિ કરતાં પણ દેહસ્વરૂપ પોતાને માનતો હોવાથી તેના વિયોગની આશંકા માત્રથી પણ અત્યંત ત્રાસ તથા ભયથી અત્યંત દુઃખી થઈને ખૂબ જ મુંઝાય છે અને બેભાન બની જાય છે; કારણ કે જડાસક્તિ-પણાની અજ્ઞાનતાને લઈને સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર, શાશ્વત સુખ, આનંદ આદિ પોતાની ભોગ્ય વસ્તુઓ કે જેના માટે જડાત્મક દેહની જરૂરત પડતી નથી પણ સર્વથા દેહના ત્યાગથી શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરનાર આત્મા જ ભોગવી શકે છે તેને સર્વથા ભૂલી જઈને મોહના સખત દબાણથી જડાત્મક વસ્તુઓનો જ ભોક્તા હું છું અને તે દેહ વગર ભોગવી શકાતી નથી, આવા ગાઢ સંસ્કારોના બળથી તેને દેહ છોડવો ગમતો નથી. તોયે આયુષ્ય કર્મ ક્ષય થવાથી દેહનો અવશ્ય વિયોગ થાય જ છે. જ્યારે દેહનો વિયોગ થવાનો સમય આવે છે અર્થાત મોત આવીને ઊભું રહે છે ત્યારે દેહનો વિયોગ ન થવા દેવા-ન મરવા અનીતિ તથા અધર્મનો આશ્રય લે છે તોયે શરીર છૂટી જાય છે અને મરવું પડે છે. જીવનકાળમાં જીવવા અને ઇંદ્રિયોના વિષયસ્વરૂપ જડાત્મક સુખ તથા આનંદ મેળવવા જડની ઉપાસના કરનારા જડના દાસ અનિચ્છાએ મરે છે તે અશિક્ષિત (બાળ) મરણ કહેવાય છે, જેનું પરિણામ અનંતા જન્મ મરણ કરીને ભોગવેલાં કાલ્પનિક પૌદ્ગલિક સુખો કરતાં અનંતાગણું દુઃખ ભોગવે છે. કિંમતી તથા ઉત્તમોત્તમ માનવ જીવનને પાંચ-પચીસ વર્ષમાં અત્યંત ક્ષુદ્ર અને અસાર તથા ક્ષણિક પૌદ્ગલિક સુખો માટે વેડફી નાંખીને અમૂલ્ય આત્મસંપત્તિના વિનાશક બને છે એટલું જ નહિ પણ પૌદ્ગલિક વસ્તુઓ વાપરીને અનંતાનંત કર્મરાશિનો સંચય કરે છે કે જે પારકી સંપત્તિ કહેવાય છે. પોતે સુખ તથા આનંદ ભોગવવા જેટલી જડાત્મક સંપત્તિ વાપરે છે તેટલું જ પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની જીવન ઝરમર.

લેખકઃ—મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ.

( ગતાંક પૃષ્ઠ ૭૪ થી શરૂ )

સિદ્ધહૈમવ્યાકરણ*–કે જે ગુજરાતનું પ્રધાન વ્યાકરણ કહેવાય છે, તેનાં મૂલ સૂત્રોની સંખ્યા માત્ર અગીયારસો છે. તેનાં પાંચ અંગો છે, સૂત્ર, ગણુપાઠ સહિત વૃત્તિ, ધાતુપાઠ, ઉણાદિ અને લિંગાનુશાસન. આ પાંચે ય અંગો પોતે જ રચ્યાં. આ એક વ્યાકરણને લીધે ગુજરાતને બીજા કોઇ પણ દેશમાં માત્ર વ્યાકરણની દૃષ્ટિએ તો ગુરુપદ મળી શકે તેમ છે. આ મહાવ્યાકરણમાં શ્રી હેમચંદ્રાચાર્યજીની સૂત્રના ક્રમ રચવાની કુશલતા, વૃત્તિનું પ્રાવીણ્ય, ઉદાહરણ આપવાનું ચાતુર્ય અને તેની ચર્ચા કરવાની વિશદ, ઉદાર, ધીર અને ગંભીર પદ્ધતિ પદે પદે નજરે પડે છે. ભારતમાં આવો સમર્થ વૈયાકરણી બીજો નથી પાકયો. મૂલ સૂત્રો, મૂલ સૂત્રો ઉપરની મહતી અને લઘુ વૃત્તિ, સવિસ્તર વૃત્તિવાળું અને અનેક ધાતુપારાયણના દોહનવાળું ધાતુપારાયણ ઉણાદિ સૂત્રવૃત્તિ, લિંગાનુશાસન પણ મોટી ટીકા સાથેનું આ પાંચે અંગો પૂર્ણ છે.

આના સાત અધ્યાય સંસ્કૃતના છે અને આઠમો અધ્યાય પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી, ચુલીકા પૈશાચી અને અપભ્રંશને માટે છે. આ અધ્યાયને પ્રાકૃત વ્યાકરણ પણ કહે છે. સંસ્કૃત વ્યાકરણની સાથે પ્રાકૃત, શૌરસેની વગેરેનું વ્યાકરણ લખવાની પ્રથાના આદિ આવિર્ભાવક આચાર્યવર્ય શ્રી હેમચંદ્રાચાર્યજી છે. આ સિવાયના બીજા ઘણાનાં બનાવેલાં

* સિદ્ધહૈમ વ્યાકરણના વધુ પરિચય માટે 'ગુજરાતનું પ્રધાન વ્યાકરણ' લેખક પં. બ્હેચરદાસજી દોશીનો લેખ તથા હેમસમીક્ષા જોવા.

---

માથા ઉપર મોહ રાજાનું દેવું ચડાવે છે. તેને વાળવાને માટે અનંતા ભવ અજ્ઞાની આત્માને અવશ્ય કરવા જ પડે છે. આવા અજ્ઞાન જીવો મરતાં સુધી પણ મોહનું દેવું કરવા ચકતા નથી. જ્યારે તેમને મરવાની ખાતરી થાય છે ત્યારે તેમને એક તો દેહ છોડવાનું અને દેહની સાથે સંબંધ ધરાવનાર બાગ–બંગલા આદિ બાહ્ય ધન સંપત્તિ છોડવાનું એમ બેવડું દુઃખ થાય છે. જ્ઞાની પુરુષો વસ્તુતત્વના જાણકાર હોવાથી આત્મા તથા દેહનું પૃથક્કરણ કરીને આત્મ સ્વરૂપ શાશ્વત જીવનના વિકાસ માટે કર્મક્ષયના હેતુ સિવાય દેહના વિયોગની પરવા રાખતા નથી. જેથી કરી મૃત્યુસમયે દુઃખ મનાવતા નથી. તેમજ આત્મસ્વરૂપના વિકાસી હોવાથી દેહ છૂટી જવાનો જરાયે ભય રાખતા નથી. એટલા માટે જ તેમનું પંડિત મરણ કહેવાય છે. આવા વિકાસી પુરુષોના પગલે ચાલનારને જ અર્થાત્ પંડિત મરણ કરનારને જ મરતાં આવડે છે એમ કહી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાકૃત વ્યાકરણો છે પણ જેટલું નદી અને સમુદ્રમાં અંતર હોય તેટલો આમાં ફરક છે. બીજાં પ્રાકૃત વ્યાકરણો માત્ર નાટકની ભાષાના પરિચય માટે છે, જ્યારે આ પ્રાકૃત વ્યાકરણમાં વિશિષ્ટતા છે. તેમજ અપભ્રંશ ભાષાની જે વિશદ ચર્ચા આમાં આપી છે તે તો સૌથી પ્રથમ જ છે. તેમજ પાણિનીયે જેમ 'છાંદ-સમ્' કહી વેદની ભાષાનું વ્યાકરણ લખ્યું છે તેમ આચાર્યશ્રીએ પણ 'આર્ષમ' કહીને જૈન આગમોની ભાષાનું પણ અનુશાસન કર્યું છે. આ વ્યાકરણના પાંચે અંગોના વિસ્તૃત પરિચય જાણવા ઇચ્છનાર મહાનુભાવ **હેમસમીક્ષા** વાંચી લ્યે.

**અભિધાનચિંતામણિ,** અનેકાર્થસંગ્રહ, નિઘંટુસંગ્રહ, દેશીનામમાલા આ ચાર સુંદર મોટા વિપુલ સામગ્રી–સંગ્રહવાળા સંસ્કૃત, પ્રાકૃત દેશ્ય ભાષાના કોશ બનાવ્યા છે.

અભિધાનચિંતામણી કોશ અમર કોશની પદ્ધતિનો છે; પરંતુ અમર કોશ કરતાં શબ્દ-સંખ્યા લગભગ દોઢી છે. કોશનું કામ પૂરું થઇ ગયા પછી જે નવા શબ્દો આવ્યાં તેને પણ 'શેષાખ્યા નામમાલા'માં યોજી દીધા છે. અભિધાનચિંતામણીની પુરવણીરૂપ જ આ નામ-માલા છે. અભિધાનચિંતામણીમાં છ કાંડ છે. દેવાધિદેવકાંડ, દેવકાંડ, મર્ત્યકાંડ, તિર્યક્કાંડ, નારકકાંડ, સાધારણકાંડ. આ કાંડના નામ ઉપ-રથી જ વિષય સમજાઇ જાય છે એટલે વિશેષ પરિચય નથી આપતો. આની ઉપર દસ હજાર શ્લોકની વિસ્તૃત ટીકા છે.

**અનેકાર્થસંગ્રહ**—અભિધાનચિંતામણી પછી આ કોશ બન્યો છે. આમાં પણ સાત કાંડ છે. એકસ્વરકાંડ, દ્વિસ્વરકાંડ, ત્રિસ્વરકાંડ, ચતુઃ-સ્વરકાંડ, પંચસ્વરકાંડ, ષટ્સ્વરકાંડ, અને અવ્યય-કાંડ. અભિધાનચિંતામણીમાં એક અર્થના અનેક શબ્દોનો કોશ આપવામાં આવ્યો છે; જ્યારે અનેકાર્થસંગ્રહમાં એક શબ્દના અનેક અર્થ આપવામાં આવ્યા છે. આના ઉપર છ હજાર શ્લોકની વિસ્તૃત ટીકા પણ છે.

**નિઘંટુશેષ**—આ વનસ્પતિઓનો કોશ છે. વનસ્પતિ વિષયક શબ્દોના જ્ઞાન માટે આ કોશ મહદ્ ઉપકારી છે. અભિધાનસંગ્રહમાં અમુક શબ્દો આપ્યા છે; પરંતુ આમાં તો એ વિષયના લગભગ બધા જ શબ્દોનો ઉલ્લેખ છે. નિઘંટુશેષ છ કાંડમાં વિભક્ત છે. જેમાં વૃક્ષકાંડ, ગુલ્મકાંડ, લતાકાંડ, શાકકાંડ, તૃણકાંડ અને ધાન્યકાંડ છે.

**દેશીનામમાલા**—આમાં અનેક દેશી શબ્દોનો વિપુલ સંગ્રહ છે. સામાન્ય રીતે જે સંસ્કૃત નહિં અને તેમાંથી ઉદ્ભવેલ નહિ તે 'દેશી' શબ્દ છે. દેશીનો પરિચય આચાર્યવર્ય સ્વયમેવ પોતાના કોશમાં આ પ્રમાણે આપે છે–

**'देसविसेस प्रसिद्धीइ भणणमाणा अणन्तया हुन्ति तम्हा, अणाइपाइ अ पयट्टभासा विसेसओ देसी**

ટીકામાં પોતે કહે છે—**तस्मादनादिप्रवृत्त-प्राकृतभाषाविशेष एवायं 'देशी' शब्देन उच्यते**

આ કોશ આઠ વર્ગમાં વિભકત છે. પંહેલા વર્ગમાં સ્વરાદિ શબ્દો અને તેના અનેકાર્થનો પરિચય છે. ત્યારપછી બીજાથી તે આઠમા સુધીમાં વ્યંજનાદિ શબ્દો અને તેના અને-કાર્થ શબ્દોનો ઉલ્લેખ છે.

પ્રથમ વર્ગ—સ્વરાદિ શબ્દોનો સંગ્રહ શ્લોક ૧૭૪.

દ્વિતીય વર્ગ—વ્યંજનાદિ શબ્દસંગ્રહ ક થી ઘ સુધી શ્લોક ૧૧૨.

તૃતીય વર્ગ—ચ થી ઝ સુધી શબ્દનો સં-ગ્રહ શ્લોક ૬૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચતુર્થ વર્ગ—ટ થી ણ સુધીનો શબ્દ-સંગ્રહ. શ્લોક ૫૧

પંચમ વર્ગ—ત થી ધ સુધીનો શબ્દસંગ્રહ. શ્લોક ૬૩.

ષષ્ઠ વર્ગ—પ થી મ સુધીનો શબ્દસંગ્રહ. શ્લોક ૧૪૮.

સપ્તમ[1] વર્ગ—ર થી વ સુધીનો શબ્દસંગ્રહ. શ્લોક ૯૬.

અષ્ટમ વર્ગ—સાદય સ થી હ સુધી શબ્દ-સંગ્રહ છે. શ્લોક ૭૭.

(પ્રાકૃતમાં શ, ષ નથી સંભવતા માટે) આના ઉપર ત્રણ હજાર શ્લોકપ્રમાણ ટીકા છે. કાવ્યોમાં દ્વાશ્રય મહાકાવ્ય, ત્રિશષ્ટીશલાકા પુરુષ ચરિત્ર, પરિશિષ્ટ પર્વ વગેરેનું સ્થાન છે.

દ્વાશ્રય મહાકાવ્યના વીસ સર્ગ છે. પહેલેથી પંદરમા સર્ગ સુધીમાં મૂલરાજથી સિદ્ધરાજ જયસિંહ સુધીના ચૌલુકય રાજાઓનો ઇતિહાસ છે. સોળમાથી વીસમા સર્ગ સુધીમાં મહારાજા કુમારપાલનો ઇતિહાસ છે. કાવ્યશાસ્ત્રના નિયમોને સંપૂર્ણ રીતે અનુસરતું આ મહાકાવ્ય છે. એક બાજુ સિદ્ધહૈમવ્યાકરણના આઠે અધ્યાયનાં બધાં ઉદાહરણોની સંગતિ કરી છે; બીજી બાજુ મૂલરાજથી કુમારપાલ સુધીના સોલંકી રાજેંદ્રોનો ઇતિહાસ શૃંખલાબદ્ધ આલેખાયો છે, માટે તેનું **દ્વાશ્રય** નામ યથાર્થ ગુણસંપન્ન છે.

આ કાવ્યમાં મહાકાવ્ય લક્ષણ અને શબ્દલક્ષણ એમ બે બાબતો ગ્રથિત કરી દેવામાં આવી છે તેથી તે દ્વાશ્રય કાવ્યના નામથી વિખ્યાત છે.

પ્રથમના પંદર સર્ગ મહારાજ સિદ્ધરાજ જયસિંહના જીવંતકાલમાં લખાયાં છે એટલે ગુજરાતનો પ્રમાણિક, સત્ય અને નિષ્પક્ષ ઇતિહાસ આમાં ઉલ્લિખિત થયો છે એમાં તો સંદેહ નથી જ. ગુજરાતના ઇતિહાસનું આવું પ્રત્યક્ષદર્શી સ્પષ્ટ નિરૂપણ કરનાર આવું એક પણ પુસ્તક નથી. આ [1]કાવ્યમાં કુલ ૨૪૩૫ શ્લોકો છે. અભયતિલકગણીની ટીકા આના ઉપર છે.

**સપ્તસંધાન મહાકાવ્ય.** એક જ શ્લોકના સાત અર્થ થાય એવું મહાકાવ્ય **શ્રી હેમચંદ્રાચાર્યજીએ** બનાવ્યું હતું, કિન્તુ અત્યારે એ ઉપલબ્ધ નથી.

**કાવ્યાનુશાસન.** આ ગ્રંથની રચના સુપ્રસિદ્ધ કાવ્યપ્રકાશના જેવી છે. સાહિત્યશાસ્ત્રના અંગોનું વિશદ, ગંભીર અને માર્મિક વિવેચન આમાં દર્શાવ્યું છે. આના ઉપર અલંકારચૂડામણી નામની અતિ પરિષ્કૃત ટીકા વ્યાખ્યા છે. અને તેના ઉપર સૂક્ષ્મ વિવેચનવાળો વિવેક રચેલ છે.

---

૧ यकारस्य प्राकृतेऽसम्भवात्तत्तोरेफादयः प्रस्तूयन्ते ઉપર સાતમા વિભાગમાં યકારથી શરૂઆત થવી જોઈતી હતી પરંતુ પ્રાકૃતમાં યકાર નથી માટે રેફ (રકારથી) થી શરૂઆત કરી છે. મૂલ આઠે વર્ગમાં "अ क च ट त प य श" નો ક્રમ છે.

૧ પ્રાકૃત દ્વાશ્રય કાવ્ય આનાથી જુદું છે. એમાં સિદ્ધહૈમના આઠમા અધ્યાય-પ્રાકૃત-અપભ્રંશ વગેરેનાં ઉદાહરણોની સંગતિ આ પ્રાકૃત દ્વાશ્રયમાં આપી છે. સાથે જ સંસ્કૃત દ્વાશ્રયમાં મહારાજા કુમારપાલ ગાદીએ બેઠા ત્યાં સુધીનું વર્ણન છે; જ્યારે પ્રાકૃત દ્વાશ્રયમાં એ વર્ણન આગળ વધે છે. પ્રાકૃત દ્વાશ્રયમાં કાવ્યતત્વ બહુ જ સુંદર ખીલ્યું છે. મહાકવિએ પાટણનું, તે વખતના સમાજનું અને ગુર્જર દેશનું જે સુંદર મૌલિક વર્ણન આપ્યું છે તે વાંચવા યોગ્ય છે. આમાં આઠ સર્ગ છે. કુલ ગાથા ૭૪૭ છે અને પૂર્ણકલશ ગણિની ટીકા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ....કૌશલ્ય

(૫)

**મહાપુરુષ (Superman)—**

**એ સંપત્તિ આવે ત્યારે ગર્વ કરે નહિ, અને આફતમાં આવી પડે ત્યારે દુ:ખ ધરે નહિ. મહાપુરુષનું એ લક્ષણ છે. દ્રવ્યની મેળવણીથી કોઈ મહાપુરુષ થતો નથી.**

**ચાલુ** વ્યવહારથી–દરરોજની ઘરેડથી જે ઉપરવટ જઇ પોતાને માટે ઉચ્ચ માર્ગ સ્વીકારે અને અનુસરે, જે ચાલતે ગાડે બેસી ગમે તેમ જીવન વહન કરવાની રીતથી આગળ વધે, જેના આદર્શ ભવ્ય હોય, જેનો પ્રયાસ એ આદર્શે પહોંચવાનો હોય, જે સારા વખતમાં કમળ જેવા પોચા હૃદયનો હોય, જે આફત વખતે મહાન પર્વતની શિલા જેવા કર્કશ હૃદયનો હોય, જે પૈસા કે સંપત્તિ, વિભૂતિ કે માનકીર્તિ મળે ત્યારે ફૂલાઇ જાય નહિ, જેને માથે દુઃખની નોબતો ગડગડે ત્યારે મનથી જરાપણ હીણો ન થઇ જાય, જેના મન–વચન–ક્રિયામાં એકવાક્યતા હોય, જેને જેમ જેમ ઉશ્કેરવામાં આવે તેમ તેમ એનામાંથી શાંતિ, સુગંધ અને નિર્મળતાના ફુવારા ઊડે–આવા પુરુષ હોય તે **મહાપુરુષ** કહેવાય છે, દુનિયા એને નમે છે, એના નામના ગુણગાન કરે છે, એનાં પ્રભાતમાં નામસ્મરણથી દિવસ સારો જવાની આગાહી કરે છે અને એ જીવતાં માન-પ્રતિષ્ઠા અને નમન પામે છે અને એની હયાતી બાદ **એનાં નામનાં મંદિરો** બંધાય છે, એનાં નામોચ્ચારણમાં જનતા જીવનસાફલ્ય માને છે અને એનું જીવન ભાગ્યશાળી-પુણ્યશાળી થાય છે, સાચા જીવનના નામને યોગ્ય થાય છે અને અંતે એ શ્રેયનો માર્ગ સ્વીકારી પ્રેયને પ્રાપ્ત કરે છે. અને માનસિક કે આર્થિક સંપત્તિ મળે એમાં ખરેખરું રાચવા જેવું છે પણ શું? એ તો **ચાર દહાડાનું ચાંદરણું** છે અને એની પાછળ ઘોર અંધારી રાત છે. જે સંપત્તિ અહીં રહી જવાની છે, જેને મેળવવામાં અનેક ઉપાધિ થાય છે, જેને જાળવવામાં મહા આર્ત્તધ્યાન થાય છે, જે સગા ભાઇ-ભાઇઓમાં વિરોધ કરાવે છે અને જેના સંસર્ગને પરિણામે સંભાળ ન રાખી હોય તો અનેક દુર્ગુણો ઘર કરી બેસે છે–તેવી સંપત્તિ મળી જાય તો તેમાં હરખ શો કરવો? એમાં ગર્વ શો કરવો? એમાં છાતી કાઢીને કેવું ચાલવું? અને સંચિતનાં ફળ તરીકે આફત આવે, ગરીબાઇ થાય, તંદુરસ્તી ખલાસ થઇ જાય કે યાવત્ એકનો એક પુત્ર ચાલ્યો જાય તો તેમાં દુઃખ શેનું માનવું? એ તો કર્મ ભોગવી હળવા થવાનો માર્ગ છે અને અનુકૂળતાએ ભોગવાઇ જાય તો તેટલા પૂરતું દેવામાંથી છૂટી જવાય છે.

જેનું મન સારા કે ખરાબ સંયોગોમાં એકસરખું રહે, જે મોટો હોય તો મલકાઇ ન જાય, જેને નસીબે દાસ્યભાવે ઝાડુ કાઢવાનું આવે તો દીન–દુ:ખી ન થઇ જાય, જેને દોલત હાથી પર ન ચઢાવે, જેને દીનતા માયકાંગલો ન બનાવે–એ મહાપુરુષ છે, ખરો જાતવાન સજ્જન પુરુષ છે, વ્યવહારમાં વસતો સાચો યોગી છે, દાખલો લેવા લાયક સંત છે અને એવા પુરુષને પગલે ચાલવાથી કે એનો દાખલો લેવાથી જીવન સફળ થાય છે. સાચા મહાપુરુષની બલિહારી છે! બાકી પૈસા મળવાથી મહાપુરુષ થવાય છે એ ભ્રમ છે. મહત્તા મહાન ગુણ છે અને તેને પ્રાપ્ત કરવાની ચાવી અહીં સાંપડે છે.

---

**सम्पत्तौ विस्मिता नैव, विपत्तौ नैव दुःखिताः । महतां लक्षणं ह्येतन्न तु द्रव्यसमागमात् ॥**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## તૃષ્ણા-Avidity— (૬)

**આશા નામની એક ભારે આશ્ચર્યકારી બેડી છે. એનાથી બંધાયેલા પ્રાણી દોડાદોડ કરે છે અને એનાથી મુક્ત થયેલા માણસો પાંગળાની જેમ સ્થિર થઈ જાય છે.**

માણસને સજ્જન થવા માટે, ગૃહસ્થમાં ગણાવા માટે બાર ગુણોનો આશ્રય કરવાની ખાસ જરૂર છે. **પ્રથમ ગુણ** 'તૃષ્ણાછેદ' નો ગણવામાં આવ્યો છે. આખી જિંદગીનો કિસ્સો તૃષ્ણાની ન્યૂનાધિકતા પર રહે છે. એ(તૃષ્ણા)ને વશ પડી જાય તો પછી એના હાથમાં લાખો આવે તો એને કરોડ કરવાની ઇચ્છા થાય છે અને કરોડે છપ્પન ઉપર ભેરી વગાડવાના મનોરથ થાય છે. આશાનું માપ નથી, છેડો નથી, અંત નથી. એ તો જેમ ફાવતી જાય તેમ વાધતી જાય છે. આકાશનો છેડો આવે તો એનો છેડો આવે, જે ભિખારીને આજે પચીશ રૂપીઆ મળે તો લીલા લહેર થઇ જાય છે તે એક વાર નવાણુંને ધક્કે ચઢે તો પછી એને હજારે અને લાખે લેખાં કરતાં પણ સમધારણા થતી નથી અને ગમે તેટલો વધારો થાય તો પણ એને હાશ કરીને બેસવાનો વખત આવતો નથી.

ગમે તેટલા પરદેશ વેઠાવે, રાત દહાડો જંપ વાળી બેસવા ન દે, અકાળે સફાળો જગાડે, સ્નેહ સંબંધ કે સગપણને વીસરાવે, એક માના જણ્યા સગા ભાઇઓમાં વૈર કરાવે અને નજીવી બાબતમાં ધર્મના સોગન ખવરાવે એવી એ **તૃષ્ણા બાઈ** છે. એમાં આડાં ઊભાં ચક્કરોને આરે ચઢનાર પ્રાણી લખચોરાસીમાં ઘસડાઇ જાય છે અને પોતાની જાતને ભૂલી જાય છે. માણસની વય વધતી જાય, શરીરમાં શિથિલતા આવે, હાથપગ કામ ઓછું આપે ત્યારે તૃષ્ણા જુવાન થતી જાય છે, વધારે મક્કમ બનતી જાય છે, ઘરબાર કરીને પોતાનું સ્થાન પાકું કરી જામતી જાય છે. અભિલાષા, આશા, લાલસા અને તૃષ્ણા વચ્ચે ઘણો ફેર છે. મહત્વાકાંક્ષા અમુક હદ સુધી શ્રેયમાર્ગે પણ લઇ જાય છે પણ **તૃષ્ણા તો એક સરખા ગુણનો નાશ જ** કરે છે. લોભનું એ પર્યાયવાચી નામ છે અને સર્વ વિનાશનું મૂળ એનામાં પ્રચ્છન્ન રીતે રહેલું હોય છે. આખો વખત હાય બળતરા કરાવનાર, કોઇ પણ વખતે શાંતિનો આસ્વાદ પણ ન થવા દેનાર, મધલાળનાં આકર્ષણોને ખડાં કરનાર એ ભૈરવી દેવી પ્રાણીમાં લાભ મળે વલોપાત કરાવે છે, ધારેલ લાભને બદલે હાનિ થયે કકળાટ કરાવે છે અને લાગ આવે ત્યારે પ્રાણીને ઊંધો પાડી એ સર્વસ્વ હરણ કરી જાય છે. એના પાસામાં પડેલા પ્રાણી ઉપદેશને અવગણે છે, હિતશિખામણને હસી કાઢે છે અને પાગલ માણસની જેમ એની પાસે અનેક સારાં માઠાં કાર્યો હારબંધ કરાવે છે.

'સજ્જન' થવાની ઇચ્છાવાળાએ તૃષ્ણાનો ત્યાગ કરવો. વ્યાધિગ્રસ્ત માણસ, છોકરા વગરનો માણસ અને વૃદ્ધ માણસ ઉપર એની અસર ઘણી વધારે થતી હોવાથી એમણે એનાથી ખાસ ચેતવું અને સંતોષીને સાચું સુખ છે અને **તૃષ્ણા દેવીનું ખપ્પર** કદી ભરાતું નથી એ વાત ધ્યાનમાં રાખી એના પર વિજય મેળવવો. સાચે રસ્તે-ધર્મમાર્ગે-સજ્જન પંથે ચઢવાનું આ પહેલું પગથિયું છે.

---

**आशा नाम मनुष्याणां, काचिदाश्चर्यशृंखला। यया बद्धाः प्रधावन्ति, मुक्तास्तिष्ठन्ति पङ्गुवत्॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૭)

## ભિખારીની શિક્ષા-Instructing beggars

**ભિખારીઓ ભીખદ્વારા ઘેર ઘેર ફરતાં ભીખ માગતા નથી પણ શિક્ષાપાઠ આપે છે: ' દરરોજ આપો, આપો; દો, દો. ન દેનારાના ફળ આવા ( મારા જેવા ) થાય છે.**

વહેવારુ ડાહ્યો માણુસ ગમે તે બાબતમાંથી સારો અર્થ કાઢે છે, ત્યારે મૂર્ખ માણુસ સારામાં સારી હકીકતને વિરૂપ અને બેધારી કે બેસૂર બનાવી દે છે. જેમ દુનિયામાં ધાન્યને ધૂળ કરીને ખાનારા જોવામાં આવે છે તેમ સુઘડ સ્ત્રી ધૂળને ધાન્ય કરી ખવરાવી શકે છે, નદીના પાંચીકાનું શાક બનાવી સ્વાદિષ્ટ વાની પૂરી પાડી શકે છે. એમાં ચતુરાઇ, આવડત અને ઉચ્ચગ્રાહી માનસિક વલણનો મહિમા જરૂર દેખાઇ આવે છે. તેના દષ્ટાંતરૂપે એક વાત છે.

આપણી સામે ઊભા રહી, ઘરને આંગણે કકળાટ અને દુઃખની લાગણી બતાવનાર ભિખારીને **ભિખારી** ન માનવો ઘટે. એ તો ખરેખરી રીતે આપણો **ઉપદેશદાતા** છે. ઉપદેશ આપનાર જ્ઞાની આપણુને કોઇ વસ્તુ રોકડી કે ઉધાર આપતા નથી, પણ એ પૃથક્કરણદ્વારા આપણુને ચોખવટ કરી આપે છે, વસ્તુ કે સંબંધને એના સાદા અને સાચા આકારમાં બતાવે છે, વસ્તુની અંદરના મર્મને આપણી પાસે પ્રકટ કરે છે અને નવાં દૃષ્ટિબિન્દુથી વસ્તુ કે સંબંધને આપણુને દેખાડે છે. આપણે મુંઝાયા હોઇએ ત્યાં એ માર્ગદર્શન કરાવે છે, આપણે ઉપર ઉપરના વ્યામોહમાં પડયા હોઇએ ત્યાં એ આપણુને અંદર જોતા કરે છે, આપણે સામાને જોતાં હોઇએ ત્યાં એ પોતાને અંદર જોતાં શીખવે છે.

એ રીતે અવલોકતા ભીખ માગનાર પણ યાચક નથી, પણ એ આપણો **શિક્ષાગુરુ** છે, એ આપણો **ઉપદેશક** છે, એ આપણો હિત-માર્ગદર્શક છે. એ કહે છે કે મારા અન્નદાતા! મારા શેઠ! મારા મુરબ્બી! તમને કર્મના પ્રભાવે કે કુદરતની કૃપાએ લક્ષ્મી મળી છે, તમે સાધનવાળા છો, તમારે ત્યાં છપ્પન ઉપર ભેરી વાગે છે, તમારે ત્યાં ક્રોડ ધનની નિશાની બતાવનાર ધજાઓ ઊડે છે, તમે બડેજાઓ કહેવાઓ છો–તો તમે આપો, દો, લક્ષ્મીનો લ્હાવો લઇ લો. તમે શુભ ક્રિયા કરી સારાં કર્મોને પરિણામે સંપત્તિ સાધનવાળા થયા છો તો તેને અંગે મારા જેવાને આપો. દુનિયાનાં દુઃખો દૂર કરો, સાહિત્ય કેળવણીની સંસ્થા કાઢો, ધનનો સારી કમાઇનો લાભ લો, ખરચો, વાવરો, દાનવીર થઇ જાઓ. અને નહિ આપો તો એનાં ફળ કેવાં થશે તે જાણી લેવા મારી સામું જુઓ. નહિ આપો તો મારા જેવા થશો, બીજા પાસે હાથ લંબાવવો પડશે. મેં આપ્યું નથી, તેથી આવો થયો છું. તમારે મારા જેવા થવું હોય તો રાખી મૂકો, ભરી રાખો, સંઘરો કરો, ચોકી કરો. અંતે તમે મારા જેવા ( ભિખારી ) થશો. ન દેનાર મારા જેવા થાય છે, મુઠ્ઠી વાળી બેસી જનાર અંતે મૂકીને ચાલ્યા જાય છે અને પછી બે હાથ લાંબા કરી અમારી જેમ ભીખ માંગે છે, પરવશ પરાશ્રયી અવતાર રગીરગીને પૂરો કરે છે. એવા ન થવું હોય તો ઉદાર બનો. આવી શિખામણ આપનાર ભિખારી આપણુને ઠેકાણે રાખે છે, દાનનો મહિમા શીખવે છે, વખતસરની ચેતવણી આપે છે અને દાન આપવા પ્રેરણા કરી સાચું **રહસ્ય** શીખવે છે.

**बोधयन्ति न याचन्ते, भिक्षाद्वारा गृहे गृहे । दीयतां दीयतां नित्यमदातुः फलमीदृशम् ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૯)

## વિરતિ:—

**જ્ઞાનનું ફળ ત્યાગભાવ સ્વીકાર છે.**

માત્ર 'જાણવું' એટલે વસ્તુને ઓળખવી. એક ગાયને જાણવા માટે એનાં રંગ, શીંગડાં, પૂંછડા વગેરે જાણવાં જોઇએ અને અમુક આકાર ધારણ કરે તે ગાય કહેવાય. આવા જ્ઞાનમાં પણ ઘણી જાત અને ભાત હોય છે. કોઇનું જ્ઞાન પૃથક્કરણપ્રાધાન્ય હોય છે, કોઇનું સમુચ્ચય પ્રાધાન્ય હોય છે, કોઇનું લાગણીપ્રધાન હોય છે અને કોઇનું આંતરલક્ષ્યવેધી હોય છે. એ ઉપરાંત કોઇને માત્ર વિષય જાણવા પૂરતું જ જ્ઞાન હોય છે, કોઇને એ ગળે ઊતરેલ જ્ઞાન હોય છે અને કોઇએ તેને પચાવેલ જ્ઞાન હોય છે.

માત્ર વિષયપ્રતિભાસ જ્ઞાન હોય તો તેનાથી વસ્તુ ઓળખાય છે, ઓકસીજન, હાઇડ્રોજન વગેરે સમજાય છે, પણ એની અસર અંદર કાંઇ થતી નથી. જે જ્ઞાનને પરિણામે માણસ સરસ વાતો કરી શકે, સુંદર ભાષણ કરી શકે, વસ્તુસ્વરૂપ અન્યને જણાવી શકે તેની અસર જો તેના હૃદયમાં થઇ ન હોય, માત્ર વિનોદ કે વિલાસ પૂરતું જ્ઞાનમાત્ર હોય, સભારંજન કે પરરંજન સુધી જ એની હદ ગયેલી હોય તો તે જ્ઞાન **વિષયપ્રતિભાસ**ની કોટિમાં આવે છે. બાકી સ્વપરનું માત્ર જ્ઞાન થાય, પણ તદ્યોગ્ય પ્રવૃત્તિ ન થાય તે જ્ઞાન **આત્મપરિણતિમત્** જ્ઞાન કહેવાય છે. જેવું જાણે તેવી તદ્યોગ્ય સુપ્રવૃત્તિ કરે, વિપરીત કાર્યથી નિવૃત્તિ કરે અને સાધ્યને માર્ગે ચલાવે તે જ્ઞાનને 'તત્ત્વસંવેદન' જ્ઞાન કહેવામાં આવે છે.

આવી રીતે જ્ઞાનના અનેક પ્રકાર થાય છે. ખરૂં જ્ઞાન **તત્ત્વસંવેદન** જ્ઞાન છે. એમાં જ્ઞાનનું સંવેદન થાય છે, જાણવા પ્રમાણે સાચે માર્ગે પ્રવૃત્તિ થાય છે, રખડપાટી વધારનાર પ્રવૃત્તિનો ત્યાગ થાય છે અને સાચે રસ્તે આગળ વધાય છે. આ સાચું જ્ઞાન છે, જ્ઞાનનું ફળ બતાવનાર વિશિષ્ટ જ્ઞાન છે, ન્યાય માર્ગે પ્રવૃત્તિ કરાવનાર જ્ઞાન છે અને જ્ઞાનનું સાચું ફળ અપાવનાર જ્ઞાન છે.

માત્ર વિષયપ્રતિભાસ જ્ઞાનના કેવાં ફળ બેસે છે તે અણુ બોંબના યુગમાં વર્ણવાની ભાગ્યે જ જરૂર રહે છે. એવા જ્ઞાનથી સંહારશક્તિનો વધારો થાય છે, સંસાર સન્મુખ વિશેષ વેગથી પ્રવેશાય છે અને આત્મદર્શનથી પ્રાણી દૂર દૂર થતો જાય છે. **જ્ઞાનનું ફળ વિરતિ** છે. વિરતિ એટલે પૌદ્ગલિક ભાવથી દૂર જવું તે. સાચા જ્ઞાનીને વિષય અને કષાયો બરાબર ઓળખાય એટલું જ નહિ, પણ એનો બનતો ત્યાગ કરવાની એની તીવ્ર ભાવના અને પ્રયત્ન ચાલુ રહે. અને જ્ઞાન પામ્યાનું ખરૂં ફળ એ જ છે, જ્ઞાન મળવાનો સાચો ઉપયોગ એ જ છે. જેટલે અંશે વિરતિભાવ આવે તેટલે અંશે સાચું જ્ઞાન થયું છે એમ સમજવું. પચાવેલ **જ્ઞાનની કિંમત ત્યાગ ભાવ** અને **આત્મદર્શન સન્મુખ વૃત્તિ** પર નિર્ભર રહે છે. ત્યાગનો—વિરતિભાવનો સ્વપર વિવેચનનો જેટલો ઉપયોગ તેટલું સાચું જ્ઞાન સમજવું. જ્ઞાનની તેમાં કસોટી છે, જ્ઞાનની તેમાં ઉપયોગિતા છે. બાકી સમજ્યા–પચાવ્યા વગર ગમે તેટલું બોલી કે લખી જવાય તેમાં તેનું ખરું ફળ બેસતું કે મળતું નથી.

**મૌક્તિક**

**नाणस्स फलं विरइ । શ્રી ઉત્તરાધ્યયન.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્ત્વસાર

લે. સં. પા.–મુનિશ્રી પુન્યવિજયજી મહારાજ (સંવિજ્ઞપાક્ષિક)

(ગતાંક પૃષ્ઠ ૩૧ થી શરુ)

**रागद्वेषविनाभूतं साम्यं तत्त्वं यदुच्यते ।**
**स्वशंसिनां क तत् तेषां परदूषणदायिनाम् ?॥१४॥**

રાગ અને દ્વેષનો અભાવ તે જ સમભાવ છે અને સમભાવ તે જ તત્ત્વ છે. જેઓ પોતાની શ્લાઘા કરે છે અને બીજાઓનાં દૂષણો જુએ છે તેઓ તે તત્ત્વને કેવી રીતે પ્રાપ્ત કરી શકે ? ૧૪

**मानेऽपमाने निन्दायां स्तुतौ वा लेष्टुकाञ्चने ।**
**जीविते मरणे लाभालाभे रंके महर्द्धिके ॥१५॥**

**शत्रौ मित्रे सुखे दुःखे हृषीकार्थे शुभाशुभे ।**
**सर्वत्रापि यदेकत्वं तत्त्वं तद् भेद्यतां परम् ॥१६॥**

સન્માનમાં અને અપમાનમાં, નિન્દામાં અને સ્તુતિમાં, રોડામાં અને સોનામાં, જીવનમાં અને મરણમાં, લાભમાં અને નુકસાનમાં, રંકમાં અને રાજામાં, શત્રુમાં અને મિત્રમાં, સુખમાં અને દુઃખમાં, ઇંદ્રિયોના શુભ વિષયમાં અને અશુભ વિષયમાં, દરેક ઠેકાણે ચિત્તની સમાનતા રાખવી, રાગદ્વેષ ન કરવો તે જ તત્ત્વ છે. જ્યારે તેથી ઊલટું તે અતત્ત્વ છે. ૧૫–૧૬

**अष्टाङ्गस्यापि योगस्य सारभूतमिदं खलु ।**
**यतो यमादिव्यासोऽस्मिन् सर्वोऽप्यस्यैव हेतवे ॥१७॥**

અષ્ટાંગ યોગનો પણ સાર એ જ છે, કારણ કે યમ, નિયમ વિગેરે યોગનો બધો વિસ્તાર કેવળ એને જ માટે છે. ૧૭

**क्रियते दधिसाराय दधिमन्थो यथा किल ।**
**तथैव साम्यसाराय योगाभ्यासो यमादिकं ॥१८॥**

જેમ દહિંના સારને (માખણને) માટે દહિં વલોવવામાં આવે છે, તેમ સામ્યરૂપ સારને માટે જ યમ–નિયમાદિક યોગાભ્યાસ છે. ૧૮

**अद्य कल्येऽपि कैवल्यं साम्येनानेन नान्यथा ।**
**प्रमादः क्षणमप्यत्र ततः कर्तुं न सांप्रतम् ॥१९॥**

ચાહે આજે કે કાલે (આ ભવમાં કે પર ભવમાં) પણ કેવળજ્ઞાન આ ઉપર્યુક્ત સામ્યથી જ પ્રાપ્ત થશે, બીજી કોઇ પણ રીતે નહિ. તેથી આ બાબતમાં એક ક્ષણવાર પણ પ્રમાદ કરવો ઉચિત નથી. ૧૯

**श्रुतश्रामण्ययोगानां प्रपञ्चः साम्यहेतवे ।**
**तथापि तत्त्वतस्तस्माज्जनोऽयं प्लवते बहिः ॥१॥**
(ક્ષેપક)

ખરી રીતે શાસ્ત્રોનો, મહાવ્રતોનો અને યોગોનો પ્રપંચ–વિસ્તાર કેવળ સામ્ય માટે જ છે, છતાં માણસો તેની (સામ્યની) બહાર વ્યર્થ ડુબકીઓ માર્યા કરે છે.

**किं बुद्धेन किमीशेन किं धात्रा किमु विष्णुना ।**
**किं जिनेन्द्रेण रागाद्यैर्यदि स्वं कलुषं मनः ?॥२०॥**

જો આપણું પોતાનું મન રાગ વિગેરેથી કલુષિત છે તો બુદ્ધ ભગવાન, મહાદેવ, બ્રહ્મા, વિષ્ણુ કે સ્વયં જિનેન્દ્ર દેવથી પણ શું ? અર્થાત્ તેમાંથી કોઇ પણ કલુષિત મનવાળાને મુક્તિ આપી શકતા નથી. ૨૦

**किं नाग्न्येन सितै रक्तैः किं पटैः किं जटाभरैः ।**
**किं मुण्डमुण्डेनापि साम्यं सर्वत्र नो यदि ?॥२१॥**

જો દરેક વસ્તુમાં સમભાવ પ્રાપ્ત થયો ન હોય તો નગ્નપણાથી શું ? શ્વેત કે રાતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાન ગીતા શતક

( મનહર છંદ. )

શ્રી વીરજિન વંદન, જે આનંદના કંદન; તે ભવ ભય ફંદન, ટાળવા સમર્થ છે;
વંદી સરસ્વતી માતા, પ્રગટાવું જ્ઞાન ગીતા; હેજો સ્હાય વિદ્યાદાતા, કાર્ય પરમાર્થ છે;
આગમ પ્રકાશનાર, અરિહંત ઉપકાર; ભક્તિ હૃદયે તું ધાર, એજ મોક્ષ પંથ છે;
સિદ્ધતણું લક્ષ રાખ, કરમ કરવા ખાખ; આચાર્યાદિ ગુરુ શાખ, જેહ નિગરંથ છે. ૧
ઉપાધ્યાય-સાધુ પદ, પંચ પરમેષ્ઠિ પદ; સેવક થઇને અદ, ગુણને સમરવા;
જ્ઞાન દરિશન શુદ્ધ, આત્મ કરવા વિશુદ્ધ; કરમની સાથે યુદ્ધ, ચારિત્ર સ્વીકારવા;
બાહ્ય અભ્યંતર તપ, શુદ્ધ આતમાનો જપ; સાધનાનો હોય ખપ, સાધકે વિચારવા;
નવ પદ નિસરણી, ગુણસ્થાનકની શ્રેણી; સમ્યક્ પામી ત્રિવેણી, સંસારમાં તરવા. ૨
વિરતિને વશ થઇ, અંતર આતમ જઇ; સંતતણી શાખ લઇ, નિરંજન ખોળીએ;
સંતતણો સંગ કરી, ઇન્દ્રિયોને વશ કરી; પરમાત્મ પ્રીત ધરી, પ્રભુ પંથે વળીએ;
વાદ ને વિવાદ ત્યાગી, આતમાના થઈ રાગી; સાચા થઇ વઇરાગી, સ્યાદ્વાદ સંભાળીએ;
સ્વાધ્યાયથી સાર લઇ, મરમને જાણી જઇ; આતમામાં દ્રઢ થઇ, ધરમને પાળીએ. ૩
સર્વ જીવ શુદ્ધ રૂપ, કરમ કલંક ભૂપ; ધ્યાન પ્રગટાવી ધૂપ, આત્મશુદ્ધિ કરીએ;
ચાર છે કરમ ઘાતી, ચાર સમજો અઘાતી; અજ્ઞાનથી આત્મ ભ્રાંતિ, સંસારમાં ફરીએ;

---

વસ્ત્રો ધારવાથી પણ શું? જટા વધારવાથી કે માથું મૂંડાવવાથી પણ શું? અર્થાત્ તે બધા નિષ્ફલ છે. ૨૧

**किं व्रतैः किं व्रताचारैः किं तपोभिर्जपैश्च किम् ।**
**किं ध्यानैः किं तथा ध्येयैर्न चित्तं यदि भास्वरम् ? ॥ २२ ॥**

જો ચિત્ત નિર્મલ-રાગાદિ મલોથી રહિત ન હોય તો વ્રતો, વ્રતોના આચારો, તપો, જપો, ધ્યાનો અને ધ્યેયોથી પણ શું? અર્થાત્ એકડા વિનાનાં મીંડાની માફક તેની કાંઇ કિંમત નથી. ૨૨

**किं क्लिष्टेन्द्रियरोधेन किं सदा पठनादिभिः ।**
**किं सर्वस्वप्रदानेन तत्त्वं नोन्मीलितं यदि ?॥२३॥**

જો હૃદયમાં સામ્યરૂપ તત્ત્વનો વિકાસ ન થયો હોય તો કલેશકારક ઇંદ્રિયનિગ્રહથી શું? રાત્રિ-દિવસ શાસ્ત્રોના સ્વાધ્યાય-આવર્તન વિગેરેથી શું? અને સર્વસ્વનું દાન કરવાથી પણ શું? ૨૩.

**नाञ्चलो मुखवस्त्रं न न राका-न चतुर्दशी ।-**
**न श्राद्धादिप्रतिष्ठा वा तत्त्वं किन्त्वमलं मनः॥२४॥**

વસ્ત્રનો છેડો, મુખવસ્ત્ર(મુહપત્તિ), પૂર્ણિમા, ચતુર્દશી કે શ્રાદ્ધાદિક પ્રતિષ્ઠા, એમાંનું કોઇ પણ તત્ત્વ નથી, કિન્તુ નિર્મલ મન એ જ તત્ત્વ છે. ૨૪

**दृष्ट्वा श्रीगौतमं बुद्धैस्त्रिःपञ्चशततापसैः ।**
**भरतप्रमुखैर्वापि क्व कुतो बाह्यकुग्रहः ? ॥२५॥**

શ્રી ગૌતમસ્વામીને જોઇને બોધ પામેલા પંદર સો તાપસોએ (જેઓને બીજે જ દિવસે કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હતું) તથા ભરત-ચક્રી વિગેરેએ ઉપર્યુક્ત બાહ્ય અનુષ્ઠાનો કયાં કર્યાં હતા?

( અત્ર સાધ્યના સાધન એવા બાહ્ય-સદનુષ્ઠાનોનો નિષેધ નથી, કિન્તુ સામ્ય વિના અફળ સમાન છે એમ કહેવાનો હેતુ છે. અર્થાત્ સાધ્ય સાપેક્ષ અનુષ્ઠાન જ મોક્ષફળને આપનારું છે. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આતમ સત્તા અગાધ, કોઈ તેને નહિં બાધ; નિર્વિકલ્પ નિર્વિકાર, નિરમળ જ્યોતિ ધાર; અજ્ઞાન વાદળ ગાઢ, પ્રજ્ઞાથકી ચીરીએ; નિરંજન નિરાકાર, શુદ્ધતા વિચારીએ. ૪

આતમાનું શ્રેય થાય, કરવો તેનો ઉપાય; સાચી સમજણ થાય, અવળી સમજ જાય; મિથ્યાત્વ ગ્રંથિ છેદાય, સમકિત પામતાં; યોગ દષ્ટિ આત્મરાય, ગુણસ્થાન ચઢતાં;

નિત્ય કરવો અભ્યાસ, અને તોડવો અધ્યાસ; અંતરથી ત્યાગી છળ, કરમનું તોડી બળ; થાશે આત્મ પ્રતિભાસ, પુરુષાર્થ કરતાં; ઉખેડી કરમ વળ, સિદ્ધ પદ પામતાં. ૫

જ્ઞાન અને દરિશન, ચારિત્ર અમારું વન; અહિંસા-સંયમ-તપ, સ્તુતિ-પ્રાયશ્ચિત જપ; વશ વચ-કાય-મન, શાંતિ પદ પામવા; સાધનાનો કરો ખપ, સિદ્ધિ પદ પામવાં;

સ્વાધ્યાયનો રસ ચાખી, સાધ્ય સિદ્ધ લક્ષ રાખી; સકલ આગમ સાર, શાંતિ એક ચિત્ત ધાર; સાધના ભૂમિકા ભાખી, આત્મ મુક્તિ પામવા; પરભાવને વિસાર, પૂર્ણ રૂપ પામવા. ૬

હોય નહિં સત્‌સંગ, લાગે ઘડી દુઃખ રંગ; આત્મજ્યોતિ જગમગે, ઉલ્લસિત રગે રગે; વિકલ્પો જો કરે તંગ, "ૐ શાંતિઃ" જપીએ; યોગ નહિં ડગમગે, સમાધિમાં વસીએ;

ઇષ્ટાનિષ્ટ જોઈ રૂપ, મૌન ગ્રહી રહો ચૂપ; પરભાવ દુઃખરૂપ, સ્વભાવ છે સુખરૂપ; સમભાવી આત્મભૂપ, સમતાને સેવીએ; રાગ-દ્વેષ જાણી કૂપ, તેમાં નહિં પડીએ. ૭

ચિત્તમાંહિ શાંતિ ભરી, વૃત્તિઓનો જય કરી; ઇન્દ્રિયોને વશ કરી, યોગની સ્થિરતા ધરી; આતમ આનંદ ધરી, જ્યોતિ પ્રગટાવીએ; શાંત સુધારસ ભરી, અમીપાન કરીએ;

વૃત્તિઓનો ઉપશમ, ઉપયોગ તીવ્રતમ; નિઃશંકતા રાખો ભાય, નિશ્ચિત રહો સદાય; ઉદાસીન ભાવ સમ, સંસારમાં તરીએ; નિર્ભય છે આત્મરાય, નિશ્ચયથી જાણીએ. ૮

(ચાલુ)

**અમરચંદ માવજી શાહ**

# વર્તમાન સમાચાર.

**શ્રી કડી, ઝવેરી હાઇસ્કૂલના હેડ માસ્તર શ્રી. વિઠ્ઠલદાસ શાહને વિદાયમાન.**

શ્રી કડીની ઝવેરી હાઇસ્કૂલના હેડ માસ્તર, ભાવનગરના વતની અને શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગરના સેક્રેટરી શ્રી. વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ. કડી છોડી જતાં હોવાથી તેમને શિક્ષકો અને વિદ્યાર્થીઓ તરફથી તા. ૭-૯-૪૬ના રોજ વિદાયમાન આપવાનો મેળાવડો શ્રી જૈન વિદ્યાર્થી ભવનમાં યોજાયો હતો. તેમજ તા. ૭-૯-૪૬ના રોજ ઝવેરી હાઇસ્કૂલના સઘળા વિદ્યાર્થીઓએ એક ભવ્ય મેળાવડો યોજીને તેમને યાદગિરિમાં એક સુવર્ણ મુદ્રિકા ભેટ કરી હતી. જ્યારે શાળાના આગેવાન વિદ્યાર્થીઓ અને શિક્ષકોના પ્રાસંગિક પ્રવચનો થયા હતા. તા. ૮-૯-૪૬નાં દિવસે શિક્ષકોએ તેમને પ્રતિભોજન આપ્યું હતું.

તા. ૯-૯-૪૬ ના દિવસે તેઓશ્રી ભાવનગર પધારતા તેઓને વિદાયમાન આપવા શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ સારી સંખ્યામાં સ્ટેશન પર હારતોરા એનાયત કરવા માટે આવેલ હતા. સર્વેએ દર્શાવેલ લાગણી માટે શ્રી. વિઠ્ઠલદાસભાઇએ આભાર માન્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરિગ્રહ મીમાંસા

લે. મુનિશ્રી ધુરંધરવિજયજી

( ગતાંક પૃષ્ઠ ૨૯ થી ચાલુ. )

**દિગ૦**–'**अचीवरास्तीर्थकृतः**' એવું વચન સંભળાય છે તેથી તેઓ પૂજ્યશ્રી વસ્ત્ર રહિત હોય છે તે સિદ્ધ છે.

**શ્વેતા૦**–તમે જે વચનથી તીર્થંકર ભગવંતોને વસ્ત્રરહિત કહો છો. તેમાં શું તેઓ જન્મે ત્યારથી વસ્ત્ર નથી રાખતા કે દીક્ષા ગ્રહણ કર્યા પછી નથી રાખતા કે કેવળજ્ઞાન થયા બાદ નથી રાખતા?

**દિગ૦**–દીક્ષા ગ્રહણ કર્યા બાદ તેઓ સર્વથા વસ્ત્રનો ત્યાગ કરે છે.

**શ્વેતા૦**–એ અયથાર્થ છે. જ્યારે એ પૂજ્ય પરમેશ્વર પરમાત્માઓ પ્રવ્રજ્યા સ્વીકારે છે ત્યારે ઇન્દ્રમહારાજા તેમના સ્કન્ધ ઉપર એક દેવદૂષ્ય સ્થાપન કરે છે, જે માટે આગમમાં પણ કહ્યું છે કે

'**सव्वे वि एगदूसेणं, निग्गया जिणवरा उ चउवीसं**'.

**દિગ૦**–ઈન્દ્ર આવીને તેઓના સ્કન્ધ ઉપર વસ્ત્ર સ્થાપન કરે છે તે સર્વ તમારી માન્યતા છે. એ પ્રમાણે અમે માનતા નથી. આગમવચન પણ તમે કહો છો તે પ્રમાણે નથી પણ '**सव्वेवि एगदोसेणं, निग्गय जिणवरा उ चउवीसं**' એ પ્રમાણે છે. અર્થાત્ સંસારના એક દોષને કારણે ચોવીસે જિનેશ્વરોએ દીક્ષા લીધી માટે શાસ્ત્રમાં જિનેશ્વરો માટે વસ્ત્ર રાખવાની વાત આવતી નથી, વસ્ત્ર નહિં રાખવાનું આવે છે.

**શ્વેતા૦**–'**एगदूसेणं**' ને બદલે '**एगदोसेणं**' એ પાઠ તમારો કલ્પિત છે. એવા કપોલ કલ્પિત વચનો પ્રમાણભૂત માની શકાય નહિ. એવા પાઠો સૌ બતાવી શકે છે. જો એવું ચાલતું જ હોય તો તમે જે '**अचीवरास्तीर्थकृतः**' કહો છો તેને બદલે '**सचीवरास्तीर्थकृतः**' એ પણ કહી શકાય. અને એ પ્રમાણે યથામતિ કલ્પિત પાઠોની કલ્પના કરવામાં આવે તો કેવળ વિતંડા વધે. એથી નીવેડો ન આવે.

(૫)

**શ્વેતા૦**–કદાચ તમારી માન્યતા પ્રમાણે તીર્થંકર પરમાત્માઓ ચીવર ધારણ ન કરતા હોય, પણ તેથી શું ? એ મહાસત્વશાળી આત્માઓ જે કરે તે જ પ્રમાણે સર્વ કરવું એવો થોડો નિયમ છે ? તેઓને જે સહજ ને શક્ય હોય છે તે અન્યને અસ્વાભાવિક અને અશક્ય હોય છે. તેઓ પૂજ્યશ્રી જે રીતે ધર્મની ઉન્નતિ સાધે છે તે જ રીતે બીજો કરવા બેસે તો હોય તે પણ ગુમાવી બેસે. તીર્થંકરોનો કલ્પ જ જુદો હોય છે. તેમનું અનુકરણ કરી વર્તન કરાય નહિં. જો એમજ કરવામાં આવે તો તેઓ પૂજ્ય અન્યનો ઉપદેશ સાંભળતા નથી. સ્વયંસંબુદ્ધ હોય છે. તે પ્રમાણે બીજાએ પણ અન્ય ઉપદેશ સાંભળવો નહિ. છદ્મસ્થ સ્થિતિમાં તેઓશ્રી કોઇને પણ ધર્મોપદેશ આપતા નથી, માટે બીજાએ પણ ધર્મોપદેશ દેવો નહિં. એ પ્રમાણે કદાગ્રહથી કરવામાં આવે તો તીર્થનો ઉચ્છેદ થાય. તીર્થોચ્છેદમાં નિમિત્ત થવા જેવું અન્ય કોઇ પાતક નથી, માટે તીર્થંકર ભગવંતોએ કર્યું તે કરવાનું નથી, પણ કહ્યું તે કરવાનું છે

સંયમારાધનમાં વસ્ત્ર, પાત્ર વગેરે સહાયક છે તે તેઓશ્રીએ જ ઉપદેશ્યું છે.

**દિગ૦**–તમારું કથન ઠીક છે. તીર્થંકર પ્રભુએ કર્યું તે કરવાનું નથી પણ કહ્યું તે કરવાનું છે તે અમને પણ માન્ય છે, પરંતુ મુનિઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્ત્ર રાખી શકે છે તેવું કથન તેઓશ્રીએ નથી કર્યું. મુનિ વસ્ત્ર વગરના હોય એવું તેઓશ્રીએ ઉપદેશ્યું છે. જિનકલ્પની આચરણા મુનિને કરવાની છે. જિનકલ્પીઓને કંઈપણ ઉપકરણ હોતું નથી. તો વસ્ત્ર જ કેમ હોય ? માટે જ વસ્ત્ર હોય તો જ સંયમ ટકે તે તમારું કથન દૂષિત છે.

શ્વેતા૦–જિનકલ્પ એ જ ખરો મુનિધર્મ છે. તેઓ કાંઈપણ ઉપકરણ રાખતા નથી વગેરે તમે શાથી કહો છો ? કર્ણોપકર્ણ ચાલતા પ્રવાદથી કે શાસ્ત્રથી ? એવી ચાલી આવતી વાતોને પ્રમાણભૂત મનાય નહિ, 'કહેવાય છે કે આ વડ ઉપર યક્ષ રહે છે' એના જેવી એ હકીકતો છે. તર્કવિહીન કિંવદન્તીને આધારે વ્યવહાર ચાલે નહિં. શાસ્ત્રાધારે વાત કરતા હો તો શાસ્ત્રમાં જિનકલ્પી મુનિઓના પણ અનેક પ્રકાર બતાવ્યા છે. તેઓ ઉપકરણ રાખી શકે છે, પુરુષભેદે તેઓના ઉપકરણોની સંખ્યા ઓછીવત્તી હોય છે. જે માટે કહ્યું છે કે

**' जिणकप्पिया दओ पुण, सोवहओ सव्वकालमेगंतो । उवगरणमाणमेसिं, पुरिसावेक्खाए बहुमेयं ॥**

* * *

દિગ–આગમથી તમે વાત કરો છો તે ખરોબર છે, પણ જ્યાં સુધી તમે જે વચનો કહો છો તે વચનો તીર્થંકરપ્રણીત આગમના જ છે, નવીન નથી એવી ખાત્રી–નિર્ણય ન થાય ત્યાં સુધી તેને પ્રમાણ માનીને ચાલી શકાય નહિં. એટલે અમે કહીએ છીએ કે જિનકલ્પીઓને ઉપકરણ હોતા જ નથી એ પણ અમારું કથન શાસ્ત્રીય જ છે.

શ્વેતા૦–તુષ્યતુ–ખુશ થાઓ ! તમારો એવો જ આગ્રહ છે કે જિનકલ્પીઓને સર્વથા ઉપકરણ નથી હોતા તો તેમ હો. પણ જિનકલ્પનું આચરણ કોણ કરી શકે ? તેનું તો કાંઇક વિધાન હશે ને ? તેવા પ્રકારના વિશિષ્ટ ધૈર્ય–શક્તિ–સંઘયણ–શરીર–જ્ઞાનની અતિશયતા વગેરે જેનામાં હોય તેઓ જિનકલ્પને અનુસરે કે હાલતાચાલતા ગમે તે માણસો ? જો વિશિષ્ટ શક્તિસમ્પન્ન આત્માઓ જ જિનકલ્પને સેવી શકે એમ માનતા હો તો અત્યારે તેવા શક્તિસમ્પન્ન જીવો છે કે નહિ ? જો છે તો કયાં છે ? બતાવો. નથી તો જ્યારે તેવા આત્માઓ થશે ત્યારે જિનકલ્પને આચરશે, માટે જ પ્રામાણિક મહાપુરુષોએ કહ્યું છે કે શ્રી જમ્બૂસ્વામીજી સાથે ૧ મનઃપર્યવજ્ઞાન, ૨ પરમાવધિ જ્ઞાન, ૩ પુલાક લબ્ધિ, ૪ આહારક લબ્ધિ, ૫ ક્ષપકશ્રેણિ, ૬ ઉપશમશ્રેણિ, ૭ જિનકલ્પ, ૮–૯–૧૦ છેલ્લા ત્રણ ચારિત્ર, ૧૧ કેવળીપણું, ને ૧૨ સિદ્ધિ-મુક્તિ. એટલા વાના ભરતક્ષેત્રમાં બંધ થયા તે સ્વીકારવું જોઇએ.

દિગ૦–વિશિષ્ટ શક્તિવાળા આત્માઓ જ જિનકલ્પને અનુસરે એવું કંઇ નથી. ગમે તે આચરી શકે છે. ફક્ત તે મુનિ હોવો જોઇએ. મુનિમાત્રે તે આચરવો જોઇએ. તેમાં જ સાચું મુનિપણું છે.

શ્વેતા૦–જો ગમે તે જિનકલ્પને આચરી શકતા હોય ને મુનિ માત્રે તે આચરવો જોઇએ એમ હોય તો મુનિ માત્રના સર્વ અનુષ્ઠાનો સમાન જ થયાં, તેમાં કંઇ પણ ભેદ રહ્યો નહિ એટલે શાસ્ત્રોમાં જે મુનિઓના જુદા જુદા આચારોનું વર્ણન આવે છે તે પણ અયથાર્થ ઠરશે. બીજું જે આચરણા એક મુનિએ કરી હોય તે શક્તિ હોય વા ન હોય તો પણ સૌને કરવી પડશે. એટલે કોઇ વિશિષ્ટ સામર્થ્યવાળા સાધુએ છ માસની તપશ્ચર્યા કરી એટલે બધાએ દીક્ષા લઇને તુરત ષણ્માસના ઉપવાસ કરવા. માટે એવો કદાગ્રહ ન રાખતા સંયમ. વિવિધ અનુષ્ઠાનો વ્યક્તિવિશેષને અનુસરી હોય છે જિનકલ્પ તે પણ મહાસામર્થ્યવાળા આત્માઓ માટે છે. ચાલુ કાળમાં તેવા વિશિષ્ટ પુરુષો નથી. અત્યારે તે કલ્પ લેવા જાય તો મૂળ કલ્પ પણ ગુમાવી બેસે. એટલે યુક્તિ અને આગમથી વસ્ત્ર, પાત્ર એ પરિગ્રહ છે તે તમારું કથન મિથ્યા છે. —ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સંતિકરં સ્તોત્ર. (અનુવાદ)

(એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે, એ વ્રત જગમાં દીવો—એ દેશી)

શ્રી શાંતિ જિનેશ્વર સેવો મેરે પ્યારે, શ્રી શાંતિ જિનેશ્વર સેવો.
ઉત્તમ સુખકર જગત દયાનિધિ,
પ્રણમી પામો શિવપુર મેવો મેરે પ્યારે, શ્રી શાંતિ જિનેશ્વર સેવો. ૧
ગોમુખ યક્ષ મહાયક્ષ જ જાણો, ત્રિમુખ યક્ષેશ સાર,
તુંબરૂ કુસુમ માતંગ વખાણો,
વિજય અજિત સુખકાર, મેરે પ્યારે. શ્રી શાંતિ૦ ૨
બ્રહ્મ મનુજ સુર કુમારને વંદું, ષણ્મુખ પાતાળ વખાણું,
કિન્નર ગરૂડ ગંધર્વને જાણો,
યક્ષેન્દ્ર કુબેર મન આણું, મેરે પ્યારે. શ્રી શાંતિ૦ ૩
વરૂણ ભૃકુટી ગોમેધ યક્ષ, પાર્શ્વ અને માતંગ,
રક્ષા કરો જિન શાસનકેરી,
પ્રમોદ પામું અતિ અંગ, મેરે પ્યારે. શ્રી શાંતિ૦ ૪
દેવી ચક્રેશ્વરી અજિતા માતા, દુરિતારિ ને કાળી,
મહાકાળી અચ્યુતા શાંતા,
જ્વાળા ભય સવિ ટાળી, મેરે પ્યારે. શ્રી શાંતિ૦ ૫
સુતારિકા અશોકા શ્રીવત્સા, ચંડા વિજયા અંકુશા,
પન્નગા નિર્વાણી અચ્યુતા ધારિણી,
પ્રણમું ધરી મન આશા, મેરે પ્યારે. શ્રી શાંતિ૦ ૬
વૈરૂટ્યા દત્તા ને ગન્ધારી, અંબા માતાને પ્રણમો,
માત પદ્માવતી તુમે રખવાળી,
સિદ્ધાયિકા નિત્ય નમો, મેરે પ્યારે. શ્રી શાંતિ૦ ૭
ચતુર્વિધ સંઘની રક્ષા કરજો, યક્ષિણી યક્ષ દેવો,
ચાર પ્રકારના દેવ દેવીયો,
યોગિની વ્યંતર દેવો, મેરે પ્યારે. શ્રી શાંતિ૦ ૮
સ્મરણ કરે જે શાંતિ સ્તવને, મુનિ પ્રવર પ્રધાન,
અમ રક્ષા સવી તીર્થની રક્ષા,
હોજો મંગળનિધાન, મેરે પ્યારે. શ્રી શાંતિ૦ ૯
વંદન પૂજન કરે ભવી પ્રાણી, ઉપદ્રવ હોવે ન લગાર,
ઉત્કૃષ્ટ સુખસંપદા ભવી પામે,
પામે ભવજળ પાર, મેરે પ્યારે. શ્રી શાંતિ૦ ૧૦
તપગચ્છાકાશે સૂર્યસમા દિસે, યુગપ્રધાન મન ધ્યાવો,
શ્રી સોમસુંદર સૂરિ પ્રસાદે રચિયું,
મુનિસુંદર સૂરિ ગાવો, મેરે પ્યારે, શ્રી શાંતિ જિનેશ્વર સેવો. ૧૧

**હીરાચંદ ઝવેરચંદ શાહ-બેંગલોર સીટી**

For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માસ્તર મોતીચંદ ઝવેરચંદનો સ્વર્ગવાસ.

ગયા ભાદરવા શુદ ૧૨ રવિવાર તા. ૮-૯-૪૬ ના રોજ ભાવનગર શ્રી જૈન સંઘના ઉપપ્રમુખ શ્રીયુત મોતીચંદ ઝવેરચંદ માસ્તરનું ૮૪ વરસની વયે અવસાન થતાં ભાવનગર શ્રી સંઘને એક અનુભવી વૃદ્ધ આગેવાનની ખોટ પડી છે.

સ્પષ્ટ, નીડર વકતવ્ય અને ગુણુપરીક્ષા તેમજ રાજ્યકુટુમ્બ તથા શેઠ જમશેદજી જીજીભાઇ, શેઠ પ્રેમચંદ રાયચંદ આદિ **નામાંકિત** વ્યક્તિઓ સાથે કૌટુમ્બિક સંબંધ જાળવી રાખવાની વ્યવહાર-કુશળતા એ એમનું જીવન-ધન હતું.

મેટ્રિકની પ્રથમ શિષ્યવૃત્તિ મેળવી એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે બહાર આવ્યા પછી વધુ અભ્યાસ માટે ઇંગ્લંડ જવાની હોંશ છતાં કેટલીક પ્રતિકૂળતા વચ્ચે તેઓ બી. એ. પૂર્ણ કરી શકયા ન હતા. છતાં પણ પૂજ્ય મહારાજશ્રી ન્યાયવિજયજી મહારાજના "અધ્યાત્મતત્ત્વાવલોક" નું તેઓશ્રીએ અંગ્રેજી ભાષાંતર તૈયાર કરી અંગ્રેજી ભાષા પરનું પોતાનું પ્રભુત્વ સિદ્ધ કરી આપેલ, જે જોઇને પ્રૉફેસર ભીડે જેવાએ પણ તેઓશ્રીને એમ. એ. ના અભ્યાસક કલ્પી લીધા હતા. તેમની સ્વતંત્ર કૃતિ "એન્ટિકિવટી ઓફ જૈનીઝમ", હૃદય પ્રદીપ અને પોતાના કેટલાક અંગત પત્રવ્યવહારમાં તેમના જ્ઞાનવૈભવની ઝાંખી થઈ આવે છે.



**માસ્તર મોતીચંદ ઝવેરચંદ**

શિક્ષણ પ્રાપ્તિ એ એમના જીવનનો રસ હતો. પોતાના એકના એક પુત્ર લલ્લુભાઇમાં પણ આ સંસ્કાર ઊતર્યા હતા. તેઓ બી. એ. એલ. એલ. બી. થયા હતા પણ જીવનની યશસ્વી યાત્રા શરુ કરે તે પહેલાં સં. ૧૯૧૨ માં એકાએક ગુજરી ગયા અને એકનો એક પૌત્ર બાબુભાઇ પણ ૧૨ વરસની લઘુ વયે ગુજરી જતાં આ દુ:ખદ ઘટનાની અસર સ્વ. મોતીચંદભાઇના હૃદય પર વધારે થવા પામી અને આલ્ફ્રેડ હાઇસ્કૂલના આગેવાન શિક્ષક તરીકેનું કાર્ય બંધ કરી પોતાનો જીવન-પ્રવાહ લોકસેવા અને જ્ઞાનોપાસના તરફ વાળ્યો. શ્રી ભાવનગર જૈન બૉર્ડિંગના ચણતરમાં તેમજ ભાવનગર પાંજરાપોળના સેક્રેટરી તરીકેની, મ્યુનિસિપાલિટીના સભ્ય તેમજ શ્રી જૈન સંઘના ઉપપ્રમુખ તરીકેની તેઓશ્રીની સેવા ન ભૂલાય તેવી તેમજ નોંધપાત્ર ગણાય.

તેમના કુટુમ્બને મહારાજા વખતસિંહજી ઘેટીથી ત્રણ પેઢીથી ભાવનગર લાવ્યા હતા. શ્રીયુત મોતીચંદભાઇએ સ્વ. મહારાજા ભાવસિંહજી, સ્વ. સર પ્રભાશંકર પટ્ટણી સાહેબ, શ્રી લલ્લુભાઇ શામળદાસ, શ્રીયુત નટવરલાલભાઇ સુરતી સાહેબ આદિ સાથે પોતાનો કૌટુમ્બિક સંબંધ જાળવી રાખ્યો હતો. આજે એકની એક પૌત્રીને પોતાના કુટુમ્બના એક સ્મરણચિહ્ન તરીકે મૂકી તેઓ ચાલ્યા ગયા છે.

જ્ઞાનોપાસના અને શિક્ષણ-પ્રચાર એ એમનું ધ્યેયબિન્દુ હતું. આ સાધનામાં તેઓશ્રીનું સ્મારક તેઓ માનતા હતા. તેઓશ્રીની અંતિમ ભાવના સિદ્ધ થાય તેવી આશા સાથે અમો સદ્દગતના આત્માની શાન્તિ ઇચ્છીએ છીએ.

સદ્દગતના માનમાં ભા. શુ. ૧૩ના રોજ ભાવનગરના શ્રી સંઘે તથા ભાવનગરના મહાજને તેમજ ભા. શુ. ૧૪ના રોજ આ સભાએ સદ્દગતની સેવાની નોંધ લઇ શોક પ્રદર્શિત કરતા ઠરાવો કર્યા છે. સ્વર્ગસ્થના માનમાં ભાદરવા શુદ ૧૪ના રોજ અત્રેની આલ્ફ્રેડ હાઇસ્કૂલ બંધ રાખવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે પછી છપાતાં **શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર** તથા **શ્રી વસુદેવ હિંડી** બે ભાગ મળી ત્રણ ગ્રંથો એક હજાર પાનાના મોટા ગ્રંથો. તે પછી **કથારત્નકોષ, શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર** સચિત્ર સુમારે ૮૦૦ પાનાના ગ્રંથો છપાય છે તે ભેટ મળશે. જેમ જેમ નવા નવા ગ્રંથો છપાતા જશે તેમ તેમ રૂા. ૧૦૧) એકસોએક આપી નવા લાઇફ મેમ્બર થનારને પણ ભેટ મળશે. ઓછામાં ઓછા આઠથી દશ રૂપીઆના કિંમતના દરેક વખતના ગ્રંથોની કિમત મુદ્દલ થવા જાય છે. આ આર્થિક દૃષ્ટિએ પણ સારામાં સારો લાભ લેવાય છે અને વાંચી આત્મિક આનંદ પણ મેળવાય છે.

( એકાવન રૂપીયા આપી બીજા વર્ગમાં લાઇફ મેમ્બર થનારને તે દરેક ગ્રંથની કિંમતમાંથી બે રૂપીઆ ભેટના મજરે આપી બાકીની રકમ તેમની પાસેથી લઇ તેમને પણ ભેટ અપાય છે. )

---

| ૧. **શ્રી સંઘપતિ ચરિત્ર.** | **ભેટના બે સુંદર ગ્રંથો**<br>છપાઇ ગયેલ છે. | ૨. **શ્રી મહાવીર પ્રભુના યુગની મહાદેવીઓ.** |
|---|---|---|

અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે બે સુંદર ગ્રંથો ભેટ આપવા માટે છપાઇ ગયેલ છે. સુંદર ચિત્રો અને આકર્ષક કવર જેકેટવાળું મજબૂત બાઈંડીંગનું કામ શરૂ કરવામાં આવેલ છે. સખ્ત મોંઘવારી, વધતા જતા ભાવો, છતાં આ સભા પોતાના સભાસદોને સુંદર ગ્રંથો છપાવી ભેટ આપે છે, જે રીતે કોઇ પણ અન્ય જૈન સંસ્થા તે પ્રમાણે આપી શકતી નહિ હોવાથી આ સભામાં દર માસે પેટ્રનો તથા સભાસદોની વૃદ્ધિ થતી જાય છે. નવા થનારા સભાસદોને પણ આ ગ્રંથનો લાભ મળશે. બંને ગ્રંથો ઘણા જ સુંદર, પઠનપાઠન કરવા જેવા છે.

**૧. શ્રી સંઘપતિ ચરિત્ર ( શ્રી ઉદયપ્રભાચાર્યકૃત )**—ગ્રંથ જેમાં પ્રભાવનાનું સ્વરૂપ, સંઘ તથા શ્રી શત્રુંજય તીર્થ માહાત્મ્ય, સંઘ સાથે વિધિવિધાનપૂર્વક, શ્રી વસ્તુપાળે કરેલી શ્રી શત્રુંજય ગિરિનાર તીર્થની યાત્રાનું વાંચવા લાયક વર્ણન, શ્રી આદિનાથ પ્રભુ તથા શ્રી નેમનાથ પ્રભુનાં ચરિત્રો, શ્રી જંબૂકુમાર કેવળીનું વર્ણન, શ્રી ભરત ચક્રવર્તી તથા શ્રી કૃષ્ણ વાસુદેવની સુંદર કથા, મહાતપસ્વી યુગબાહુ તથા પ્રદ્યુમ્ન કુમારના વૃત્તાંતો, બીજી અનેક અંતર્ગત કથાઓ. છેવટે વસ્તુપાળે શત્રુંજય પર કરેલ મહોત્સવ અને અપૂર્વ દેવભક્તિનું વર્ણન આપી પૂર્વાચાર્ય મહારાજે ગ્રંથ સંપૂર્ણ કર્યો છે. ઘણી ઘણી નવી નવી હકીકતો વાચકને જાણવા મળે છે. આ ગ્રંથ **શ્રી સંઘપતિ રાવબહાદૂર શેઠ જીવતલાલભાઇ પ્રતાપશીએ** આપેલ આર્થિક સહાયવડે છપાય છે.

**૨. શ્રીમહાવીર પ્રભુના યુગની મહાદેવીઓ**—સતીઓના સુંદર ચરિત્રો, સિદ્ધહસ્ત લેખક ભાઇ સુશીલે ઘણા જ પ્રયત્નપૂર્વક સંશોધન કરી લખેલા છે. આ સભા તરફથી **૧–સતી ચરિત્ર ૨-સુરસુંદરી** ચરિત્ર **૩-ચંપકમાલા** ચરિત્ર એ ત્રણ ગ્રંથો સ્ત્રી ઉપયોગી પ્રકટ થયા છે. આ ગ્રંથ તે માટે ચોથો છે. આમાં કેટલાક ચરિત્રો પૂર્વે અપ્રકટ છે છતાં મનન કરવા જેવા છે. દરેક સતી ચરિત્રની શરૂઆતમાં રેખાચિત્રો આપવામાં આવેલ છે. કવર જેકેટ સાથે સુંદર મજબૂત બાઇંડીંગવડે તૈયાર થઇ ગયેલ છે. કિં. રૂા ૩-૮-૦ પોસ્ટેજ જુદું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

## તીર્થંકર ભગવાન અને આદર્શ મહાન્ પુરુષોનાં ચરિત્રો.

નીચેના તીર્થંકર ભગવાન અને સત્ત્વશાળી મહાપુરુષોના ચરિત્રોની ઘણી થોડી નકલ બાકી છે, ફરી છપાય તેમ નથી. જલદી મંગાવો.

| | |
|---|---|
| ૧ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ | રૂા. ૨-૮-૦ |
| ૨ સુમુખ નૃપાદિ કથાઓ | રૂા. ૧-૦-૦ |
| ૩ જૈન નરરત્ન ભામાશાહ | રૂા. ૨-૦-૦ |
| ૪ શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર | રૂા. ૧-૦-૦ |
| ૫ મહારાજા ખારવેલ | રૂા. ૦ ૧૨-૦ |
| ૬ શ્રી વિજયાનંદસૂરિ | રૂા. ૦-૮-૦ |
| ૭ શ્રી પંચમેષ્ઠી ગુણરત્નમાળા | રૂા. ૧-૮-૦ |
| ૮ શ્રી દાન પ્રદીપ | રૂા. ૩-૦-૦ |
| ૯ ધર્મરત્ન પ્રકરણ | ૧-૦-૦ |
| ૧૦ શ્રી શત્રુંજય પંદરમો ઉદ્ધાર સમરાશાહનું ચરિત્ર | રૂા. ૦-૪-૦ |
| ૧૧ શ્રી શત્રુંજયનો સોળમો ઉદ્ધાર શ્રી કર્માશાહનું ચરિત્ર | રૂા. ૦-૪-૦ |

### છપાતા ગ્રંથો-( ભાષાંતર )

૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.
૨ શ્રી વસુદેવ હિંડી.

### છપાતા મૂળ ગ્રંથો.

૧ બૃહત્ કલ્પસૂત્ર છઠ્ઠો ભાગ.

૨ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર ૨-૩-૪-૫ પર્વ

### છપાવવાના અનુવાદોના ગ્રંથો.

૧ શ્રી શાંતિનાથ ચરિત્ર.
૨ શ્રી કથારત્ન કોષ ગ્રંથ.
૩ શ્રી દમયંતી ચરિત્ર.

---

## જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય.

**( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય, ગુજરાત પુરાતત્ત્વ મંદિર )**

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવન ચરિત્ર સૌરભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રામાણિક, ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે. આ ગ્રંથમાં એકત્રીશ વ્યક્તિના તેત્રીશ કાવ્યોનો સંચય-ગુજરાતી રાસોનું સંશોધન કાર્ય સંપાદક મહાશયે કરેલ છે; તેમજ પાછળના કેટલાક રાસો વગેરેનું શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ એલ. બી. તેમજ વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી બી. એ. એલ.એલ. બી. એ ઉપોદ્ઘાત પરિશિષ્ટો અને કેટલાક રાસોનું છોટાલાલ મગનલાલ શાહ અને પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી વગેરે સાક્ષરોએ સંપાદન કાર્ય કરેલ છે.

તેનો રચના કાળ ચૌદમાં સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી સાડા ચાર સૈકાનો છે, તે સૈકાઓનું ભાષા સ્વરૂપ, ધાર્મિક, સમાજ રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે તે સમયના લોકોની ગતિનું લક્ષબિંદુ એ દરેકને લગતી સત્ય પ્રમાણિક બધી માહિતિઓ આ ગ્રંથમાં આપવામાં આવેલી છે.

આ ગ્રંથમાં કાવ્યો, તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્તા મહાશયો કયા કયા ગચ્છના હતા, તે તેમજ તેઓશ્રીના ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે, ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કિંમત રૂા. ૨-૧૨-૦ પોસ્ટેજ અલગ.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only